હરિકેશીય

હરિકેશ મુનિનું

૧૨

આત્મવિકાસમાં જાતિનાં બંધન હોતાં નથી. ચંડાલ પણ આત્મકલ્યાણનો માર્ગ આરાધી શકે છે. ચંડાલજાતિમાં ઉત્પન્ન થનારનું પણ હૃદય પવિત્ર હોઈ શકે છે.

હરિકેશ મહામુનિ ચંડાલ કુળમાં જન્મ્યા છતાં ગુણના ભંડાર હતા. પૂર્વના યોગસંસ્કાર હોવાથી નિમિત્તવશાત્ વૈરાગ્ય પામી ત્યાગી બન્યા. ત્યાગ લીધા પછી એક દેવે તે તપસ્વીની આકરામાં આકરી કસોટી કરેલી. સાચા સુવર્ણની જેમ પાર ઊતરેલા તે મહામુનિ પ્રત્યે પ્રસન્ન થયો. પછી તે દેવ મુનિ સાથે દાસ બનીને કાયમ રહ્યો.

એકદા યક્ષમંદિરના સભામંડપની અંદર (કે જ્યાં તે દેવનો વાસો હતો) આકરી તપશ્ચર્યાથી કૃશ થયેલા હરિકેશ ધ્યાનમગ્ન થઈ અડોલ ઊભા હતા.

કૌશલ રાજાનાં પુત્રી ભદ્રા તેમની સાહેલીઓ સાથે તે જ મંદિરમાં દર્શનાર્થે આવેલાં.

ગર્ભદ્વાર નજીક જઈ સૌએ દેવનાં પેટભરી દર્શન કર્યાં. દર્શન કરીને પાછા ફરતાં દરેક સહચરીઓ ધીરજે સભામંડપ-

જાતિનાં વિધાન ગફ માટે નથી. વર્ણવ્યવસ્થા કર્મ પ્રમાણે નિયત થઈ હતી. તેમાં ઊંચ-નીચના ભેદોને સ્થાન ન હતું. જ્યારથી ઊંચ-નીચના ભેદોને સ્થાન મળ્યું ત્યારથી તે વ્યવસ્થા મટી તિરસ્કાર અને અભિમાનના પુંજમાં પલટી ગઈ.

ભગવાને જાતિવાદનાં ખંડન કર્યાં, ગુણવાદને સમજાવ્યો, અભેદભાવનાં અમૃત પાવાં અને દીન, હીન અને પતિત જીવોનો ઉદ્ધાર કર્યો.

ભગવાન સુધર્મસ્વામીએ જંબૂને કહ્યું :—

[૧] ચંડાલકુળમાં ઉત્પન્ન થયેલા છતાં ઉત્તમ ગુણને ધારણ કરનારા હરિકેશ બલ નામના એક જિતેન્દ્રિય ભિક્ષુ થયા હતા.

[૨] (૧) ઈર્યા, (૨) ભાષા, (૩) એષણા, (૪) આદાન-ભંડ-નિક્ષેપ અને (૫) ઉચ્ચારપાસવણ ખેલ જલ સંઘાણ પારિઠાવણીયા એમ પાંચે સમિતિઓમાં સંયમી તથા સુસમાધિ-પૂર્વક યત્નાવાળા—

[૩] મનથી, વચનથી અને કાયાથી ગુપ્ત અને જીતેન્દ્રિય તે ભિક્ષુ ભિક્ષા માટે બ્રહ્મયજ્ઞમાં યજ્ઞવાડે આવીને ઊભા રહ્યા.

[૪] તપથી સુકાયેલા અને જીર્ણ ઉપધિ (વસ્ત્ર વગેરે) અને ઉપ-કરણ (પાત્ર વગેરે) વાળા મુનિને આવતા જોઈને અનાર્ય-પુરુષો હસવા લાગ્યા.

નોંધ :—મુનિનાં વસ્ત્ર, પાત્ર, કંબલ ઇત્યાદિ સાધનોને ઉપધિ તથા ઉપકરણો કહેવાય છે.

[૫] જાતિમદથી ઉન્મત્ત થયેલા, હિંસામાં ધર્મ માનનારા, અજિતે-ન્દ્રિય અને અબ્રહ્મચારી (બ્રહ્મચર્યને યથાર્થ ન પાળનારા) મૂર્ખ બ્રાહ્મણો આ વચનને કહેવા લાગ્યા :—

[૬] દૈત્ય જેવા રૂપને ધરનાર, કાળ જેવો ભયંકર, બેઠેલા નાકવાળો,

] ઉચ્ચ ભૂમિમાં કે નીચ ભૂમિમાં (બન્ને સ્થળે) કૃષિકારો આશાપૂર્વક યોગ્યતા જોઈ બીજ વાવે છે. એ શ્રદ્ધાથી મને આપો. અને આ ખરેખર પવિત્ર ક્ષેત્ર સમજી તેની આરાધના કરો.

નોંધ:—આ વચનો તે દેવ જ મુનિના મુખેથી બોલાવતો હતો.

] જ્યાં વાવેલાં પુણ્યો ઊગે છે (જે સુપાત્રમાં નાખ્યાથી દાન ફળે છે), તે ક્ષેત્રો અમોએ જાણી લીધાં છે. જાતિમાન અને વિદ્યાવાન બ્રાહ્મણો છે તે જ ક્ષેત્રો ખૂબ સુંદર છે.

નોંધ:—આ વચનો ત્યાં યજ્ઞશાળામાં રહેલા ક્ષત્રિયોનાં છે.

] ક્રોધ, માન, હિંસા, અસત્ય, અદત્ત અને અપરિગ્રહ વગેરે દોષો જેનામાં છે, તેવા બ્રાહ્મણો જાતિ અને વિદ્યા બન્નેથી રહિત છે. તે ક્ષેત્રો તો પાપને વધારનારાં છે.

નોંધ:—તે વખતે કેટલાક બ્રાહ્મણો પોતાના બ્રાહ્મણધર્મથી પતિત મહાહિંસાઓને ધર્મ મનાવવાનો પ્રયત્ન કરતા હતા. તેવાઓને ઉદ્દેશીને શ્લોક યક્ષની પ્રેરણા દ્વારા મુનિના મુખમાંથી બોલાયો.

] રે! વેદોને ભણ્યા છતાં તેના અર્થને જરા પણ જાણી શકતા નથી. માટે ખરેખર, તમે વાણીના ભારવાહક છો. જે મુનિપુરુષો સામાન્ય કે ઊંચા કોઈ પણ ઘરોમાં જઈ ભિક્ષાવૃત્તિથી સંયમી જીવન ગુજારે છે તે જ ક્ષેત્રો ઉત્તમ છે.

આ સાંભળીને બ્રાહ્મણ પંડિતોના શિષ્યો ખૂબ કોપ્યા અને કહ્યું:—

] રે! અમારા ગુરુઓની વિરુદ્ધ બોલનાર સાધુ! તું અમારી સમક્ષ આ શું બોલી રહ્યો છે? આ અન્નપાન ભલે ને બધું નાશ પામે, પણ હવે તને તો નહિ જ આપવાના.

૭] સમિતિઓથી સમાહિત (સમાધિસ્થ), ગુપ્તિઓથી ગુપ્ત (મન, વચન અને કાયાથી સંયમી) અને જિતેન્દ્રિય એવા મને આવું શુદ્ધ ખાનપાન નહિ આપો તો આજે યજ્ઞોનો

જીર્ણવસ્ત્રવાળો અને મલિનતાથી પિશાચ જેવો દેખ
ગળે વસ્ત્ર વીંટાળીને કોણ ચાલ્યો આવે છે? (તે
આ પ્રમાણે મનમાં વિચાર્યું.)

હવે મુનિને સંબોધીને કહે છે :—

[૭] રે! આવો અદર્શનીય (ન જોવા લાયક) તું કોણ છે?
કઈ આશાથી અહીં આવ્યો છે? જીર્ણ વસ્ત્ર અને મે
પિશાચરૂપ થયેલો તું અહીંથી જા. અહીં શા માટે ઊભો

[૮] આ જ વખતે તે મહામુનિનો અનુકંપક (પ્રેમી) તિન્દુકવૃ
વાસી યક્ષ (દેવ) પોતાના શરીરને ગુપ્ત રાખીને (મુનિન
શરીરમાં પ્રવેશ કરીને) આ વચનો કહેવા લાગ્યો :—

નોંધ :—જે દેવ એ મહામુનિનો સેવક બન્યો હતો તેણે
મુનિશ્રીના શરીરમાં પ્રવેશ કર્યો.

(૯) હું સાધુ છું, બ્રહ્મચારી છું, સંયમી છું; ધન, પરિગ્રહ અને
દૂષિત ક્રિયાઓથી વિરક્ત થયો છું, અને તેથી જ બીજા
માટે થયેલી ભિક્ષા જોઈને આ વખતે અન્નને માટે
આવ્યો છું.

નોંધ :—જૈન સાધુઓ બીજાને માટે થયેલી ભિક્ષા જ ગ્રહ
ે છે; પોતાને માટે તૈયાર કરેલા આહારને સ્વીકારતા નથી.

તમારું આ ભોજન ઘણું અપાય છે, ખવાય છે અને ભોગ-
ાય છે. માટે બાકી વધેલું થોડું આ તપસ્વી પણ ભલે
ાવે. કારણ કે હું ભિક્ષાજીવી છું, એમ તમે જાણો.

ાહ્મણો બોલ્યા:–) આ ભોજન બ્રાહ્મણોને માટે જ તૈયાર
છે. અહીં એક બ્રાહ્મણ પક્ષ માટે જ તે સિદ્ધ થયું છે.
આવું અન્નપાન તને નહિ આપીએ. શા માટે અહીં
છો?

] ઉચ્ચ ભૂમિમાં કે નીચ ભૂમિમાં (બન્ને સ્થળે) ખેડૂતો આશા-પૂર્વક યોગ્યતા જોઈ બીજ વાવે છે. એ શ્રદ્ધાથી મને આપો. અને આ ખરેખર પવિત્ર ક્ષેત્ર સમજી તેની આરાધના કરો.

નોંધઃ—આ વચનો તે દેવ જ મુનિના મુખેથી બોલાવતો હતો.

] જ્યાં વાવેલાં પુણ્યો ઊગે છે (કે સુપાત્રમાં નાખવાથી દાન ફળે છે), તે ક્ષેત્રો અમોએ જાણી લીધાં છે. જાતિમાન અને વિદ્યાવાન બ્રાહ્મણો છે તે જ ક્ષેત્રો ખૂબ સુંદર છે.

નોંધઃ—આ વચનો ત્યાં યજ્ઞશાળામાં રહેલા યાજ્ઞિકોનાં છે.

] ક્રોધ, માન, હિંસા, અસત્ય, અદત્ત અને અપરિગ્રહ વગેરે દોષો જેનામાં છે, તેવા બ્રાહ્મણો જાતિ અને વિદ્યા બન્નેથી રહિત છે. તે ક્ષેત્રો તો પાપને વધારનારાં છે.

નોંધઃ—તે વખતે કેટલાક બ્રાહ્મણો પોતાના બ્રાહ્મણધર્મથી પતિત મહાહિંસાઓને ધર્મ મનાવવાનો પ્રયત્ન કરતા હતા. તેઓને ઉદ્દેશીને શ્લોક યક્ષની પ્રેરણા દ્વારા મુનિના મુખમાંથી બોલાયો.

] રે! વેદોને ભણવા છતાં તેના અર્થને જરા પણ જાણી શકતા નથી. માટે ખરેખર, તમે વાણીના ભારવાહક છો. જે મુનિ-પુરુષો સામાન્ય કે ઊંચા કોઈ પણ ઘરોમાં જઈ ભિક્ષાવૃત્તિથી સંયમી જીવન ગુજારે છે તે જ ક્ષેત્રો ઉત્તમ છે.

આ સાંભળીને બ્રાહ્મણ પંડિતોના શિષ્યો ખૂબ કોપ્યા અને કહ્યું :—

] રે! અમારા ગુરુઓની વિરુદ્ધ બોલનાર સાધુ! તું અમારી સમક્ષ આ શું બોલી રહ્યો છે? આ અન્નપાન ભલે ને બધું નાશ પામે, પણ હવે તને તો નહિ જ આપવાના.

૭] સમિતિઓથી સમાહિત (સમાધિસ્થ), ગુપ્તિઓથી ગુપ્ત (મન, વચન અને કાયાથી સંયમી) અને જિતેન્દ્રિય એવા મને આવું શુદ્ધ ખાનપાન નહિ આપો તો આજે યજ્ઞોનો

લાભ શું મેળવવાના? આવાં (યક્ષ દ્વારા) મુનિનાં મુખે
વચનો સાંભળીને બ્રાહ્મણો લાલચોળ થઈ ગયા અને ઘાં
પાડીને કહેવા લાગ્યા :—

[૧૮] અરે! અહીં કોણ ક્ષત્રિયો, યજમાનો કે અધ્યાપકો છે? વિદ્યાર્થીઓની સાથે મળી તેઓ સૌ લાકડી અને ડંડાથી મારીને તથા ગળચી દાબીને આને જલદી બહાર કાઢી મૂકો.

[૧૯] અધ્યાપકોનું આવું વચન સાંભળીને ત્યાં ઘણા કુમારો દોડી આવ્યા, અને દંડ, છડી અને ચાબુકોથી તે ઋષિને મારવાને તૈયાર થયા.

[૨૦] તેવા સમયે સુંદર અંગવાળી કૌશલિક રાજાની પુત્રી (નામે) ભદ્રા તે સ્થળે હણાતા તે સંયમીને જોઈને કુપિત થયેલા કુમારોને તુરત જ શાંત પાડે છે. (અને કહે છે:—)

[૨૧] દેવના અભિયોગે કરીને (દૈવી પ્રકોપ શાંત પાડવા માટે) વશ થયેલા, પિતાશ્રી વડે (દેવનો પ્રભાવ જે શરીરમાં હતો તે) મુનિને હું અર્પણ કરાયેલી હતી. છતાં અનેક મહારાજાઓ અને દેવેન્દ્રોથી પણ વંદાયેલા આ ઋષિરાજે મારું મનથી પણ ચિંતન ન કર્યું અને તુરત જ (શુદ્ધિ આવ્યા પછી) મને વમી દીધી હતી.

નોંધઃ—આ ભદ્રાએ સરળ ભાવથી મંદિરમાં ધ્યાનસ્થ રહેલા મુનિ
રેનું અપમાન કરેલું તેનો બદલો લેવા તેના જ શરીર સાથે (મુનિ-શરીરમાં
વેશ કરી દેવે) લગ્ન કરાવ્યું હતું. પરંતુ મુનીશ્વર જ્યારે
સ્થ થયા કે શીઘ્ર પોતે સંયમી છે તેની પ્રતીતિ આપી, એ
ન્તિ ઇચ્છી તેને મુક્ત કરી મૂકી હતી.

] ખરેખર, અપૂર્વ બ્રહ્મચારી, જિતેન્દ્રિય, સંયમી અ
તપસ્વી તેવા આ પોતે તે જ મહાત્મા છે કે જેણે,
પિતા કૌશલિક રાજા વડે (પછીથી) સ્વચ્છંદથી અ
એવી મને ન સ્વીકારી.

નોંધ:—અપ્સરા સમી સ્વરૂપવાન યુવતિ સ્વયં મળવા છતાં તેના પર લેશમાત્ર મનોવિકાર ન થવો અને પોતાના સંયમમાર્ગમાં અડોલ રહેવું તે જ સાચા ત્યાગની, સાચા સંયમની અને સાચા આત્મદર્શનની પ્રતીતિ છે.

[૨૩] આ મહાપ્રભાવશાળી, મહાપુરુષાર્થી, મહાન્ વ્રતધારી અને ઉત્તમ કીર્તિવાળા મહા યોગીપુરુષ છે. તેને અવગણવા યોગ્ય નથી. રે! એની અવગણના ન કરો. રખે તમો બધાને પોતાના તેજથી તે ભસ્મ કરી નાખશે!

[૨૪] આવાં ભદ્રાનાં સુમધુર વચન સાંભળીને (વાતાવરણ પર અસર થાય તે પહેલાં તો) તુરત જ દેવો ઋષિની સેવા માટે આવી લાગ્યા, અને કુમારોને નિવારવા લાગ્યા. (પણ કુમારો માન્યા નહિ)

નોંધ:—આ સ્થળે પરંપરા એ પણ ચાલે છે કે અહીં ભદ્રાના પતિ સોમદેવે એ કુમારોનું વારણ કર્યું હતું અને દેવો વારણ કરે તે કરતાં આમ થવું વધુ સંભવિત છે. પણ મૂળ પાઠમાં जक्खा શબ્દ હોવાથી અર્થ તેવો જ રાખ્યો છે.

[૨૫] અને તે જ વખતે આકાશમાં રહેલા ભયંકર રૂપવાળા રાક્ષસો ત્યાં આવી એ આખા સમૂહને અદૃશ્ય રહી મારવા લાગ્યા. (પ્રબળ મારથી) જેનાં શરીર ભેદાઈ ગયાં અને લોહીનું વમન થવા લાગ્યું તેવાઓને જોઈને ભદ્રા આ પ્રમાણે ફરીથી કહેવા લાગી:—

[૨૬] તમે બધા નખો વડે પર્વતને ખોદવા લાગ્યા છો, દાંતો વડે લોખંડને ચાવવા લાગ્યા છો અને અગ્નિને પગો વડે કરીને હણવા લાગ્યા છો (એમ માનું છું.), કારણ કે આવા ઉત્તમ ભિક્ષુનો તમે તિરસ્કાર કર્યો છે.

[૨૭] આવા મહર્ષિ [કોપે તો] વિષધર જેવા ભયંકર હોય છે. એ ઉગ્ર તપસ્વી અને ઘોર વ્રતવાળા મહાપુરુષાર્થીને તમે

ભોજનના વખતે મારવા તૈયાર થયા તો હવે પતંગિયાં જેમ અગ્નિમાં પડી મરે તેમ પડી મરવાના છો.

[૨૮] હજુ જો તમારું ધન અને જીવતર રાખવા ઇચ્છતા હો તો આખા સમૂહ સાથે મળીને તેના શરણે જઈ મસ્તક નમાવો. આ તપસ્વી પોતે જો કુપિત થશે તો આખા લોકને પણ બાળી નાખશે.

નોંધ—ભદ્રા એ તપસ્વીના પ્રભાવને જાણતી હતી. "દેવ તો આ દૈવી પ્રકોપ છે. પણ હવે નહિ માને અને તેમને શરણે નહિ જાય તો તે તપસ્વી કદાચ કુપિત થઈ આખા લોકને બાળી નાખશે એવી એને ભ્રાંતિ છે." સૌને ઉદ્દેશીને તેણીએ તેથી જ તેમ કહ્યું.

[૨૯] (તેવામાં તો કંઈ વિચિત્ર ઘટના બની ગઈ) કોઈની પીઠ ઉપર તો કોઈનું મસ્તક નીચું તેમ પડી ગયેલા, કોઈ સાવ કર્મ અને ચેષ્ટા વિહીન બનેલા, કોઈ ભૂતલ પર હાથ ફેલાવતા પડી રહેલા, કોઈ બહાર નીકળી ગયેલા ડોળા અને જીભવાળા, તો કોઈ ઊંચા મસ્તકે ઢળી પડેલા—

નોંધ:—આ બધું દૈવી પ્રકોપથી બન્યું હતું.

[૩૦] આવી રીતે કાષ્ઠભૂત બનેલા પોતાના શિષ્યોને જોઈને તે યાજક બ્રાહ્મણ (ભદ્રાનો પતિ) પોતે ખૂબ ખેદ પામ્યો. અને પોતાની ધર્મપત્ની સહિત મુનિ પાસે જઈ નમીને વારંવાર વિનવણી કરવા લાગ્યો કે હે પૂજ્ય! આપની નિન્દા અને તિરસ્કાર થયાં છે તેની ક્ષમા કરો.

નોંધ:—કોશલ રાજાએ તપસ્વીથી તજાયેલી ભદ્રાકુમારીને સોમદેવ બ્રાહ્મણ સાથે હસ્તગ્રહણ કરાવી ઋષિપત્ની જ બનાવી હતી. તે કાળમાં ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના કર્મભેદો હતા, પણ આજના જેવા ન હતા. તેથી જ પારસ્પરિક કન્યાઓને લેવા-દેવાનો વ્યવહાર ચાલુ અનુમાન થાય છે.

] હે વંદનીય! અજ્ઞાની, મૂર્ખ અને મંદ બુદ્ધિવાળા બાળકોએ
આપની જે અસાતના (દુઃખ–વેદના) કરી છે તે બધું માફ
કરો. આપના જેવા ઋષિ પુરુષો મહાદયાળુ હોય છે; ખરેખર,
તે કદી કોપ કરતા જ નથી.

પોતાનું કાર્ય કરી દેવો ચાલ્યા ગયા. ત્યારબાદ મુનિશ્રી
સાવધાન થઈ આ દૃશ્ય જોઈ વિસ્મિત બની જાય
છે, અને વિનવતા બ્રાહ્મણોને કહે છે કે:—

- આ બનાવની પૂર્વે, પછી કે હમણાં પણ મારા મનમાં લેશમાત્ર
કોપ કે દ્વેષ નથી. (પરંતુ આ બધું જોયા પછી મને લાગે
છે કે) ખરેખર જે દેવો (મારી અનિચ્છાએ પણ) સેવા
કરે છે, તેઓ વડે જ આ કુમારો બિચારા હણાયા છે.

નોંધ:—જૈનદર્શનમાં સહનશીલતાનાં જ્વલંત દૃષ્ટાંતો છે. ત્યાગી
વર્ગની ક્ષમા તો મેરુ જેવી અડગ હોય છે. તેમાં કોપ કે ચંચળતા આવ-
તી જ નથી. કુમારોની આ દશા જોઈ ઋષિરાજને અનુકંપા આવે છે. યોગી-
પુરુષો અન્યને દુઃખ આપતા નથી તેમ જોઈ પણ શકતા નથી.

[૩૩] (સાચું સ્પષ્ટીકરણ થયા બાદ એ બ્રાહ્મણને ઘણી જ ઉત્તમ
પ્રકારની અસર થાય છે. તે કહે છે કે:—) પરમાર્થ અને
સત્યના સ્વરૂપને જાણનાર! મહાજ્ઞાની આપ કદી ગુસ્સે
થાઓ જ નહિ. સર્વ જનસમૂહ સાથે અમે બધાં આપનાં
ચરણોનું શરણ માગીએ છીએ.

[૩૪] હે મહાપુરુષ! આપની સર્વ પ્રકારે (બહુમાનપૂર્વક) પૂજા
કરીએ છીએ. આપમાં એવું કશું દેખાતું નથી કે જેને ન
પૂજીએ. હે મહામુનિરાજ! ભિન્ન ભિન્ન પ્રકારનાં શાક,
રાઈતાં અને ઉત્તમ પ્રકારના ચોખાથી સંસ્કારાયેલું આ ભોજન
આપ (પ્રસન્નતાપૂર્વક) જમો. (સ્વીકારો)

[૩૫] આ મારું પુષ્કળ ભોજન પડ્યું છે. અમારા પર કૃપા કરીને
આપ સ્વીકારો. (આવી અંતઃકરણની પ્રાર્થના સાંભળીને)

તે [illegible] ની [illegible]

તે [illegible] ([illegible]) તે [illegible] ને [illegible] છે.

[૩૬] તેવામાં જ ત્યાં [illegible]. [illegible] આકાશમાંથી [illegible] વૃષ્ટિ થવા લાગી. [illegible] દુંદુભિ વગાડી૰ અને " અહો ! દાન, અહો ! દાન " એમ [illegible] થવા લાગ્યો

નોંધ :— [illegible] વરસાવેલાં [illegible]

[૩૭] " ખરેખર, દિવ્ય તપની આ [illegible] જાતિની વિશેષતા કંઈયે નથી. ચંડાલપુત્ર હરિકેશ સાધુ, કે જેની આવી મહાપ્રભાવશાળી સમૃદ્ધિ છે ! " —ચંડાલપુત્ર હરિકેશ સાધુને જોઈને સૌ બ્રાહ્મણો આશ્ચર્યચકિત થઈ ઉપર પ્રમાણે બોલવા લાગ્યા.

તપસ્વીજી કહે છે :—

[૩૮] હે બ્રાહ્મણો ! અગ્નિનો આરંભ કરીને પાણીથી બહારની શુદ્ધિને શા માટે શોધી રહ્યા છો ? જે બહારની શુદ્ધિ છે તે આત્મશુદ્ધિનો માર્ગ જ નથી. મહાપુરુષો કહે છે કે :—

[૩૯] દ્રવ્યયજ્ઞમાં દાભડાને, (યૂપ) લાકડાના ખીલાને, તૃણ, કાષ્ઠ અગ્નિને, તેમ જ સવાર અને સાંજ પાણીને સ્પર્શ કરતા એવા મંદ પ્રાણીઓ તમો વારંવાર નાના જીવોને દુઃખ આપીને પાપ જ કર્યા કરો છો.

[૪૦] હે ભિક્ષુ ! અમે કેમ વર્તીએ ? કેવું યજ્ઞપૂજન કરીએ ? વળી કેવી રીતે પાપોને દૂર કરીએ ? હે સંયમી ! તે અમોને જણાવો. હે દેવપૂજ્ય ! કઈ વસ્તુને જ્ઞાની જનો યોગ્ય માને છે ?

[૪૧] છ કાય (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ) જીવોની હિંસા નહિ કરનારા, કપટ તથા અસત્યને નહિ

અને અભિમાનથી દૂર રહેનારા
આચરનારા, માયા (કપટ) અને અભિમાનથી દૂર રહેનારા. દાન્ત
તથા પરિગ્રહ અને સ્ત્રીઓની આસક્તિથી ડરનારા દાન્ત
પુરુષો હોય છે તેજ વિવેકપૂર્વક વર્તે છે.

[૪૨] અને પાંચ ઇંદ્રિયોનું નિયમન કરનારા, જીવિતની પણ પરવા
ન કરનારા અને કાયાની આસક્તિથી રહિત એવા મહા-
ા, બહારની શુદ્ધિની દરકાર ન કરતાં, ઉત્તમ અને મહા-
ાા ભાવયજ્ઞને જ આદરે છે.

તમારી જ્યોતિનું સ્થાન શું? તમારી
મારું જ્યોતિ શું? અને જ્યોતિનું સ્થાન શું? તમારાં
કડછીઓ કઈ? અને અગ્નિ પ્રદીપન કરનારું શું? તમારાં
ાકડાં ક્યાં? અને હે ભિક્ષુ! તમારા શાન્તિમંત્ર કયા? કેવા
યજ્ઞથી આપ યજન કરો છો? (આ પ્રમાણે બ્રાહ્મણો બોલ્યા.)

તપ એ જ અગ્નિ છે. જીવાત્મા અગ્નિનું સ્થાન છે. મન, વચન
અને કાયાના યોગરૂપ કડછી છે. અગ્નિને દીપ્ત કરનારું
સાધન શરીર છે. કર્મરૂપી લાકડાં છે. સંયમરૂપ શાંતિમંત્ર
છે. તેવી રીતે પ્રશસ્ત ચારિત્રરૂપ યજ્ઞવડે જ હું યજન કરું
છું—તે જ યજ્ઞને મહર્ષિ જનોએ ઉત્તમ ગણ્યો છે.

[૪૫] તમારો સ્નાન કરવાનો હ્રદ (કુંડ) કયો? (સંસારમાંથી
તરવાનું) તમારું પુણ્યક્ષેત્ર કયું? અને ક્યાં સ્નાન કરીને
તમે કર્મરજને ટાળો છો તે કહો. આપની પાસે જાણવાને
ઇચ્છીએ છીએ (આ પ્રમાણે બ્રાહ્મણ બોલ્યા.)

[૪૬] ધર્મરૂપી હ્રદ (કુંડ) છે. બ્રહ્મચર્યરૂપી પુણ્યતીર્થ છે. આત્માના
પ્રસન્ન ભાવથી વિશુદ્ધ ધર્મના કુંડમાં નાહેલો હું શાંત થઈને
કર્મદોષને દૂર કરું છું.

[૪૭] એવું સ્નાન જ કુશળ પુરુષોએ કર્યું છે. અને ઋષિઓએ તે જ
મહાસ્નાનને વખાણ્યું છે, જેમાં નાહેલા પવિત્ર મહર્ષિઓ

નિર્મળ શાંતિ (કર્મ રહિત શાંતિ) તેમજ સ્થાન (મુક્તિ) ને પામ્યા છે.

નોંધ:—હૃદયનાં પરિવર્તન ચારિત્રની નિખાલસતાથી થાય છે. જ્યાં ચારિત્રની સુવાસ મહેકે છે ત્યાં જાતિ પાંતિના ભેદ ભાગે છે. શુદ્રકુળમાં શ્રમણ હરિકેશીને દેવસ્વરૂપ બનાવી દે છે. જ્ઞાનનો મહિમા ચારિત્રનાં નંદનવનથી જ શોભે છે. જાતિ અને કર્મના નીચ ભેદ આવા ચારિત્રના સ્વચ્છ પ્રવાહમાં સાફ થઈ જાય છે. ચારિત્રના પારસ દરેક લોખંડને સુવર્ણરૂપમાં પલટી મૂકે છે.

એ પ્રમાણે કહું છું.

એમ હરિકેશીય નામનું બારમું અધ્યયન સમાપ્ત થયું.

મૃતગંગાના તીર પર હંસરૂપે જન્મ લીધો. ત્યાં પણ સ્નેહપૂર્વક જીવ્યા અને પ્રેમવશાત્ સાથે જ મરણ પામ્યા. ત્યાંથી નીકળીને પુનર્ભવ પામી કાશી ભૂમિમાં ચંડાલરૂપે ઉત્પન્ન થયા.

તે વખતે નમુચિ નામનો પ્રધાન ખૂબ બુદ્ધિમાન અને મહાસંગીતશાસ્ત્રી છતાં મહાન વ્યભિચારી હતો. તેણે તે દોષ રાજઅંતઃપુરમાં પણ સેવ્યો તે જાણી કાશી રાજાએ તેને મતદંડની શિક્ષા કરી.

ફાંસીને લાકડે ચડાવતાં ચડાવતાં ચંડાલ કે જે ચિત્ત અને સંભૂતિનો પિતા હતો તેને દયા ઉત્પન્ન થવાથી તેણે નમુચિને બચાવી લીધો છે અને પોતાને ત્યાં ગુપ્ત રાખી પોતાના પુત્રોને સંગીતવિદ્યા શીખવવા યોજ્યો છે બન્ને ભાઈને તેણે સંગીતશાસ્ત્રમાં પારંગત કરી મૂક્યા. પરંતુ એકદા ત્યાંથી પણ અબ્રહ્મચર્યના દોષે તેને જીવ લઈને ભાગવું પડ્યું. આખરે તે ફરતાં ફરતાં હસ્તિનાપુરમાં આવી પોતાની બુદ્ધિના પ્રભાવથી સંકડો મંત્રીનો શિરમંત્રી થઈને રહેલ છે.

ચિત્ત અને સંભૂતિ સંગીતવિદ્યાના પ્રભાવે ત્યાંની આખી આલમને આકર્ષે છે. આથી કાશીરાજ પાસે ત્યાંના સંગીત-શાસ્ત્રીઓ ન્યાય માગી હોવાથી તેમનું અપમાન કરાવી કાશીની બહાર કઢાવી મૂકે છે. ત્યાં પણ દુઃખી થાય છે. પછી આ પરાભવથી કંટાળી પર્વત પરથી પડતું મૂકવા તૈયાર થાય છે. ત્યાં એક મહાન જૈન મહાત્માનો ભેટો થાય છે અને અકાળ મૃત્યુથી બચાવી લે છે.

ચંડાલકુળજન્ય હોવા છતાં પૂર્વ સંસ્કારોની પ્રબળતાથી બન્ને ભાઈઓ સંસારની અસારતાને યથાર્થ રૂપે સમજી ત્યાગ-માર્ગને ગ્રહણ કરે છે અને પદ્ધતિસર યોગમાર્ગની સારી તાલીમ મેળવ્યા બાદ ગુરુઆજ્ઞાથી છૂટા પડે છે.

એ બન્ને ત્યાગીઓ ફરતાં ફરતાં અનેક સિદ્ધિઓને પ્રાપ્ત કરીને હસ્તિનાપુરમાં જ આવી ચડે છે, કે જ્યાં નમુચિ મહામંત્રીશ્વર પદે હતો. પૂર્વપરિચિત ચંડાલોને સાધુવેશમાં તે ઓળખી લે છે. અને તેથી, પોતાનું પોગળ રખે ને ખુલ્લું થશે એ ભયથી, શહેરની બહાર હાંકી કઢાવે છે.

ચિત્ત આ બધું કષ્ટ શાંતિપૂર્વક ચિત્તમાં ખેદ લાવ્યા વગર સહી લે છે. પરંતુ સંભૂતિ આ પરાભવને સહેવા અસમર્થ નીવડે છે; તપશ્ચર્યાના મહાન પ્રભાવથી પ્રાપ્ત કરેલી સિદ્ધિનો ઉપયોગ કરવા તૈયાર થાય છે. ચિત્ત પોતાના બંધુને ત્યાગીનો ધર્મ સમજાવે છે. છતાં સંભૂતિનો કોપ શાંત થતો નથી. તેના મુખમાંથી ધૂમ્ર (ધુંવાડા)ના ગોટેગોટા નીકળ્યા કરે છે.

આ વાતની જાણ પ્રજા દ્વારા ત્યાંના મહારાજા (સનત્કુમાર ચક્રવર્તી) ને પણ થાય છે. તે પોતે સસૈન્ય, સપરિવાર એ મહાતપસ્વીના દર્શનાર્થે આવે છે. સંભૂતિમુનિ તે મહારાજાની સમૃદ્ધિ જોઈ આસક્ત થાય છે.

પોતાની અપૂર્વ ખાંતે પ્રાપ્ત કરેલી તપશ્ચર્યારૂપ ઝવેરાતને આવા ક્ષુદ્ર કામભોગરૂપી કોડી ખાતર વેચી દે છે. (જૈન દર્શનમાં આને નિયાણું કહેવાય છે. નિયાણું એટલે ઉત્તમ કાર્યની પાછળ સ્વાર્થની ભાવના જાગે તે.) ચિત્તનો ઉપદેશ તેને જરાયે અસર કરતો નથી.

ત્યાંથી કાળગત થયા પછી શુભ કર્મ દ્વારા એ બન્ને દેવયોનિમાં ઉત્પન્ન થાય છે. ત્યાંનું પૂર્ણ આયુષ્ય ભોગવ્યા પછી આસક્તિને લઈને પ્રેમપ્રવાહ વીખરાઈ જાય છે. અને તે જ કારણને લઈને સંભૂતિ કાંપીલ્ય નગરમાં ચુલની માતાને કૂખે ઉત્પન્ન થઈ બ્રહ્મદત્ત નામનો ચક્રવર્તી (મહાન મંડલેશ્વર) રાજા થઈ બેસે છે.

ચિત્ત પુરિમતાલ નગરમાં ધનપતિ નગરશેઠને ત્યાં જન્મે છે. ત્યાં પણ પુણ્યપ્રતાપને લઈને મિત્ર, પરિવાર, યુવતિઓ માતાપિતાઓ અને સંપત્તિ સાંપડી અનેક પ્રકારે સુખભોગ માણી રહ્યો છે.

એકદા સંતની પાસેથી એક અતિ ગંભીર ગાથા તેના કર્ણદ્વારમાં અથડાણી. તે પર વિચાર કરતાં કરતાં પ્રથમ આછું સ્મરણ થયું, કે "આવું મેં ક્યાંક સાંભળ્યું છે" અને એ ચિંતનના પરિણામે પૂર્વસંસ્કારો તાજા થયા. ગત જન્મોને તેણે એક જ વારમાં જોઈ લીધા. અને તે જ ક્ષણે સર્પ કાંચળીને છોડી દે તેમ માતા, પિતા અને સ્વજનોના સ્નેહ, રમણીઓના ભોગવિલાસ અને સંપત્તિના મોહ છોડી દીધા, અને અપૂર્વ યોગી બની અભિનિષ્ક્રમણ કર્યું.

પૂર્વના સંભૂતિ આ જન્મમાં બ્રહ્મદત્ત ચક્રવર્તીરૂપે હતા. ચક્રવર્તીનાં અપ્રતિહત અને સર્વોત્તમ દિવ્ય સુખો ભોગવવા છતાં તેના અંતઃકરણમાં કોઈ કોઈ વખત અવ્યક્ત રીતે ઝીણી ઝીણી વિરહવેદના સાલ્યા કરતી. એકદા તે બગીચાના વિહારનો આનંદ લૂંટી રહ્યા હતા. એકાએક નવપુષ્પનો દડો જોઈ તેને આછું સ્મરણ આવ્યું કે "આવું મેં જોયું છે, અને અનુભવ્યું પણ છે." તુરત જ દેવગતિના વિમાનનાં સ્મરણો અને સાથે જ પૂર્વભવનાં સ્મરણો તાજાં થયાં. ચિત્તનો વિરહ તેને અસહ્ય થઈ પડ્યો.

ભોગોની આસક્તિમાં હજુ સુધી જરા પણ ન્યૂનતા આવી ન હતી. પરંતુ ભાઈ પરના વિશુદ્ધ અને ગાઢ સ્નેહે ભાઈને મળવાની અપાર તાલાવેલી તો જાગી ગઈ હતી. તેણે તેમને શોધી કાઢવા માટે આ "आसि दासा मिगा हंसा चांडाला अमरा जहा" અર્ધશ્લોક રચી

(ઢંઢેરો) વગડાવી જાહેર કર્યું કે આ શ્લોકને જે પૂર્ણ કરશે તેને અર્ધ રાજપાટ મળશે

આ વાત દેશોદેશમાં પ્રસરી ગઈ છે. ચિત્ત મુનિ ગામોગામ વિચરતા કાંપીલ્ય નગરના ઉદ્યાનમાં આવે છે. ત્યાં એક માળી છોડવાને પાણી પાતાં આ ગાથા ઉચ્ચાર્યા કરે છે. આ ગાથા સાંભળી ચિત્તમુનિ સ્તંભી રહે છે. આખરે તેની પાસેથી વૃત્તાન્ત જાણી એ ગાથાનાં આ પ્રમાણે "इमाणो छट्टिया जाई अन्नमन्नेण जा विणा" બે ચરણ આપી તેને પૂર્ણ કરે છે.

માળી રાજ્યમંડપમાં આવી ભરકચેરીમાં તે પૂર્ણ શ્લોક સંભળાવે છે આથી બ્રહ્મદત્ત ચક્રવર્તી માળીના હાલમાં પોતાના ભાઈને જોતાંવાર જ મૂર્છિત થઈ પડી જાય છે. આ સ્થિતિમાં રાજ્યપુરુષો તે માળીને પકડી કેદ કરે છે. અંતે તે સાચી વાત જાહેર કરે છે અને જેની પાસેથી તે ગાથા સાંભળી છે તે મહાપ્રભાવશાળી યોગીરાજને ત્યાં તેડી લાવે છે.

બ્રહ્મદત્ત પોતાના ભાઈનું અપૂર્વ ઓજસપૂર્ણ શરીર જોઈ સ્વસ્થ થઈ જાય છે અને કહે છે કે ભાઈ! હું આવી સમૃદ્ધિ પામ્યો અને આપ આ ત્યાગનાં દુઃખો ભોગવો છો, તેનું શું કારણ? ચિત્ત પણ પોતાના પૂર્વ આશ્રમનું સુખ જણાવે છે. અને ત્યાગમાં દુઃખ છે કે સાચું સુખ છે તેની પ્રતીતિ આપે છે.

ત્યાગ એ પરમ પુરુષાર્થનું પરિણામ છે. ત્યાગનાં શરણ બળવાન પુરુષો જ ગ્રહણ કરી શકે છે. ત્યાગ એ સિંહવૃત્તિવાળા પાત્રમાં જ ટકે છે, સૌ જીવો આત્મપ્રકાશને ભેટવા તત્પર છે, ઘટતો પુરુષાર્થ પણ કરે છે, અપા [illegible] છે. છતાં વાસનાની આંટીમાં ફસાયે [illegible] ગીના...

રણ જ્ઞાન અને ચિત્તને અવધિજ્ઞાન થયું
ાત કરે છે. અવધિજ્ઞાન એટલે મર્યાદા-

શમાં આપણે બન્ને દાસરૂપે હતા,
જર પર્વતમાં મૃગલા થયા હતા,
ા નદીને કાંઠે હંસરૂપે જન્મ્યા હતા.
ી ભૂમિમાં ચંડાળકુળમાં જન્મ્યા હતા.
માં મહાઋદ્ધિવાળા આપણે દેવ હતા,
મ જ પરસ્પર સાથ વગરનો થયો છે.
તિએ છઠ્ઠા ભવે ભિન્ન ભિન્ન સ્થળે શાથી
યું.

નત્કુમાર નામના ચોથા ચક્રવર્તીની
દા નામના સ્ત્રીરત્નને દેખીને આસક્તિ
ઉચ્ચ કર્મોનું નિયાણું (આવું તુચ્છ
તે ફળના પરિણામે જ આપણે વિયોગ
વચન છે.)

કર્મોનો ક્ષય થતો હોય છે. પૂર્વકર્મ ક્ષય
અને તેનો વિકાસ થાય છે. પુણ્યકર્મથી
થી આત્મા ભારી બનવા સંભવ છે. તેથી જ
પાપકર્મનો ક્ષય જ ઇચ્છે છે. પુણ્ય એ તો
ળ એ પણ બંધન જ છે. જેણે બંધન
ાંકળ પણ તજી દેવા પ્રયત્ન કરવો જોઈએ.
લેવાં જોઈએ.

કાળમાં સત્ય અને કપટ રહિત તપ-

સત્યાદિ શુભ કર્મો મેં કર્યાં તેથી જ તેનું ફળ આજે (ઉત્તમ સમૃદ્ધિ પામી) હું ભોગવું છું. પરંતુ હે ચિત્ત! તારી દશા આવી શાથી થઈ? તારાં શુભ કર્મ બધાં ક્યાં ગયાં?

[૧૦] (હે રાજેન્દ્ર!) જીવોએ આચરેલાં સર્વ (સુંદર કે અસુંદર બધાં) કર્મો ફળવાળાં જ હોય છે કરેલાં કર્મોને ભોગવ્યા વિના મુક્તિ થતી જ નથી. તેથી મારો જીવાત્મા પણ પુણ્યકર્મના પરિણામે ઉત્તમ પ્રકારની સંપત્તિ અને કામભોગોથી યુક્ત થયો હતો.

[૧૧] હે સંભૂતિ! જેમ તું પોતાને ભાગ્યવાન માને છે તેમ પુણ્યનાં ફળથી યુક્ત ચિત્તને પણ મહાન ઋદ્ધિમાન જાણ. વળી, હે રાજન! જેવી તે (ચિત્ત)ની સમૃદ્ધિ હતી તેવી જ પ્રભાવશાળી કાંતિ પણ હતી.

નોંધ:—ઉપરના બે શ્લોકો ચિત્તમુનિએ કહ્યા. આજે તે મુનિ થયા હતા. ઇંદ્રિયનિયમનાદિ કઠણ તપશ્ચર્યા અને શરીરવિભૂષાના ત્યાગથી તેની દેહકાંતિ બહારથી ઝાંખી દેખાતી હતી, છતાં તેનાં આત્મઓજસ તો કોઈ અપૂર્વ જ હતાં.

[૧૨] નૃપતિએ પૂછ્યું કે, જો એવી સમૃદ્ધિ હતી તો ત્યાગ શા માટે કર્યો? જવાબમાં ચિત્તમુનિ કહે છે: પરમાર્થથી પૂર્ણ છતાં અલ્પ વચનવાળી ગંભીર ગાથા (કોઈ મુનીશ્વરે એકદા) અનેક મનુષ્યોના સમૂહમાં ફરમાવી, કે જે ગાથાને સાંભળીને ઘણા ભિક્ષુકો ચારિત્રગુણમાં વધુ અને વધુ લીન બને છે. તે ગાથા સાંભળીને હું શ્રમણ (તપસ્વી) થયો.

નોંધ:—સમૃદ્ધિ પામ્યા છતાં સંતોષ ન હતો. આ ગાથા સાંભળ્યા પછી બંધનો તરત જ દૂર થયાં. અને ત્યાગ શરણ કર્યો.

[૧૩] (બ્રહ્મદત્ત આસક્ત હતો. તેને ત્યાગ નહોતો ગમતો તેથી તેણે ચિત્તને ભોગો માટે આમંત્રણ કર્યું:—) ઉચ્ચ, ઉદય, મધુ, કર્ક અને બ્રહ્મ નામના પાંચ સુંદર મહેલો, ભિન્નભિન્ન

પ્રકારનાં દૃશ્યો તેમ જ મંદિરો અને પાંચાલ દેશનું રાજ્ય આ બધું તમારું જ છે. હે ચિત્ત! તેને પ્રેમપૂર્વક ભોગવો.

[૧૪] વળી હે ભિક્ષુ! વાજિંત્ર સાથે નૃત્ય તથા સંગીત તેમ જ મનોહર યુવતિઓના સંગથી વીંટળાઈને આવા રમ્ય ભોગોને ભોગવો. તે જ મને ગમે છે. ત્યાગ એ તો ખરેખર મહાન કષ્ટ છે.

નોંધ:—ત્યાગીને ભોગોનું આમંત્રણ કરવામાં પણ તેનાં સ્નેહ અને સહૃદયતા સ્પષ્ટ દેખાતાં હતાં.

[૧૫] ઊભરાતા પૂર્વ સ્નેહથી અને કામભોગોમાં આસક્ત થયેલા મહારાજા (બ્રહ્મદત્ત) ને તેના એકાંત હિતચિંતક અને સંયમ-ધર્મમાં રક્ત રહેલા ચિત્તમુનિએ આ વચન કહ્યું:—

[૧૬] બધાં સંગીત તે એક પ્રકારના વિલાપ સરખાં છે, સર્વ પ્રકારનાં નૃત્ય કે નાટક એ વિડંબનારૂપ છે, બધા અલંકારો તો બોજારૂપ છે, અને બધા કામભોગો એકાંત દુઃખને જ આપનારા છે.

નોંધ:—સંસાર આખો જ જ્યાં નાટકરૂપે છે ત્યાં બીજાં નાટકો શાં જોવાં? જે સ્થળે ક્ષણ પહેલાં સંગીત અને નૃત્ય થઈ રહ્યાં હોય છે ત્યાં જ થોડી ક્ષણ બાદ હાહાકારમયાં કરુણ રુદનો થાય છે. ત્યાં કોને સંગીત માનવાં? આભૂષણો બાળકની ચિત્તવૃત્તિને પોષવાનાં રમકડાં છે. ત્યાં સમજુને મોહ શા? ભોગો તો આધિ, વ્યાધિ અને ઉપાધિ ત્રણે તાપનાં મૂળ છે. દુઃખના મૂળમાં સુખ શી રીતે સંભવે?

[૧૭] તપશ્ચર્યારૂપ ધનવાળા, ચારિત્રગુણોમાં લીન અને કામભોગોની આસક્તિથી સાવ વિરક્ત એવા ભિક્ષુઓને જે સુખ હોય છે તે સુખ, હે રાજન્! અજ્ઞાનીઓને મનોહર લાગવા છતાં એકાંત દુઃખને આપનાર એવા કામભોગોમાં કદી હોઈ શકે જ નહિ.

[૧૮] હે નરેંદ્ર! મનુષ્યોમાં અધમ ગણાતા એવા ચંડાલજીવનમાં પણ આપણે રહ્યા હતા. તે જન્મમાં (કર્મવશાત્) આપણે

આપના લોકની [illegible] નિન્દાને પાત્ર હતા, [illegible] જન્મમાં કરવાનો જ આવે. આ [illegible] સ્થિતિમાં [illegible] પણ પૂર્વે કરેલા કર્મનું જ પરિણામ છે. ([illegible])

નોંધ : [illegible] મહાપુરુષના [illegible] તથા સંસ્કારોને [illegible] શુભ કર્મો [illegible] છે તેનું જ આ સુંદર પરિણામ [illegible] આપેલી લીધા હતા.

[૨૦] હે રાજન્! પુણ્યનાં ફળો કરીને જ મહાસમૃદ્ધિવાળો અતિ મહાભાગ્યવાળો તું થયો છે. માટે હે રાજન્! ક્ષણિક ભોગોને તજીને, (શાશ્વત સુખ માટે) મુક્તિ માટે ત્યાગ દશાને અંગીકાર કરી લે.

[૨૧] હે રાજન્! આ (મનુષ્યના) ક્ષણિક જીવનમાં સુંદર કાર્યોને નહિ કરવાવાળો મનુષ્ય ધર્મને છોડી દીધા પછી મૃત્યુના મ્હોમાં જ્યારે જાય છે ત્યારે પરલોકને માટે ખૂબ જ પશ્ચાત્તાપ કરે છે.

[૨૨] જેમ સિંહ મૃગલાને પકડીને લઈ જાય છે તેમ અંત વખતે મૃત્યુ(રૂપ સિંહ) પણ મનુષ્યને નિર્દય રીતે ગળી જાય છે. ત્યાં માતા, પિતા, ભાઈ વગેરે કોઈ સહાયક થઈ શકતાં નથી.

[૨૩] તે (કર્મના પરિણામે ઉત્પન્ન થયેલા) દુઃખમાં જ્ઞાતિજનો, સ્નેહિવર્ગ, પુત્રો કે બંધુઓ કોઈ ભાગ પડાવતાં નથી. કર્મ કરનાર જીવને સ્વયં તેનું દુઃખ ભોગવવું પડે છે. કારણ કે કર્મ તો તેના કરનારને જ અનુસરે છે.

નોંધ :—કર્મ એવી વસ્તુ છે કે તેનું ફળ તેના ભોક્તાને જ મળે. તેમાં પોતાના જીવાત્મા સિવાય કોઈ પણ કાળે ન્યૂનાધિક્ય કોઈ કરી શકે જ નહિ. આથી જ કહ્યું છે કે તમે જ તમારો બંધ કે મોક્ષ કરી શકો છો.

[૨૪] નોકરચાકર, પશુઓ, ક્ષેત્રો (ઉઘાડી ભૂમિ), મહેલો, ધન અને ધાન્ય વગેરે સર્વને તજીને માત્ર પોતાનાં શુભ કે અશુભ કર્મની સાથે રહેલો (કર્મથી પરતંત્ર) એકાકી જીવાત્મા જ સુંદર કે અસુંદર પરલોક (પરભવ) ને પામે છે.

નોંધ :—શુભ કર્મ હોય તો સારી ગતિમાં તેનું આકર્ષણ થાય છે, અને અશુભ કર્મ હોય તો માઠી ગતિમાં થાય છે.

[૨૫] (મૃત્યુ થયા બાદ) ચિતામાં રાખેલા તેના તે અસાર (ચેતન રહિત) શરીરને અગ્નિથી બાળીને, જ્ઞાતિજનો, પુત્ર અને સ્ત્રી વગેરે (તેને થોડા વખતમાં ભૂલી જઈને) બીજા દાતાર (માલિક) ને અનુસરે છે.

નોંધ :—વિશ્વમાં સૌકોઈ સ્વાર્થપૂરતું જ સગપણ રાખે છે. એક તરફનો સ્વાર્થ ગયો એટલે સૌકોઈ બીજાને અનુસરવાનાં.

[૨૬] હે રાજન! આયુષ્ય તો જરા પણ વિરામ લીધા વિના નિરંતર ક્ષય થતું રહે છે. (જેમ જેમ દિવસો વધે તેમ તેમ આયુષ્યકાળ ઓછો થાય છે.) જેમ જેમ જરા અવસ્થા આવતી જાય છે તેમ યૌવનની કાન્તિ હરાતી રહે છે. માટે હે પંચાલના રાજેશ્વર! આ વચનને સાંભળી લે. અને મહારંભ (હિંસા તથા વિષયાદિ)નાં ભયંકર કાર્યોને ન કર. (છોડી દે)

ચિત્તના એકાંત વૈરાગ્યોત્પાદક અનુભવનાં વચનો સાંભળી બ્રહ્મદત્ત (સંભૂતિ) બોલ્યા—

[૨૭] હે સાધુપુરુષ! જે વાક્યને આપ કહો છો તે હું પણ હવે જાણી શકું છું. આ ભોગો જ મને આસક્તિ (બંધન)ના કારણરૂપ છે. પરંતુ હે આર્ય! અમારા જેવા (દુર્બળ)થી ખરેખર તે દુર્જય છે. (આસક્ત પુરુષોથી કામભોગો છૂટવા દુષ્કર છે.)

[૨૮] હે ચિત્તમુનિ! (તેથી જ હસ્તિનાપુરમાં મહાસમૃદ્ધિવાળા સનત્કુમાર ચક્રવર્તીને જોઈને હું કામભોગોમાં આસક્ત થઈ ગયો અને અશુભ એવું નિયાણું (થોડા માટે ઘણું ત્યાગવું) કરી દીધું.

[૨૯] તે નિદાન કર્યા પછી પણ (તમારા કહેવા છતાં) નિવારણ ન કર્યું. તેથી જ આ ફળ મળ્યું છે. અને ધર્મને જાણવા છતાં પણ કામભોગોની આસક્તિ છોડી શકતો નથી.

નોંધ :—વાસના જાગ્યા પછી પણ જો ગંભીર ચિંતનથી તેનું નિવારણ થાય તો પતિત થતાં બચી જવાય.

[૩૦] જળ પીવા જતાં કાદવમાં ખૂંચી ગયેલો હાથી કાંઠાને જોવા છતાં તેને પામી શકતો નથી. એ જ પ્રમાણે કામભોગોમાં આસક્ત થયેલા અમે (કામભોગોનાં દુષ્ટ પરિણામને જાણવા છતાં) ત્યાગમાર્ગને અનુસરી શકતા નથી.

[૩૧] કાળ ઉતાવળો થાય છે. અને રાત્રિઓ જલદી પસાર થતી જાય છે. (આયુષ્યબળ ક્ષીણ થતું જાય છે.) મનુષ્યોના કામભોગો પણ નિત્ય નથી. પક્ષીઓ જેમ ફળ ખરી ગયા પછી વૃક્ષને તજી દે છે તેમ પ્રાપ્ત થયેલા કામભોગો પણ પુરુષને તજી દે છે.

નોંધ :—તરુણવયમાં જે કામભોગો પ્યારા લાગે છે, તે જ વૃદ્ધ વયમાં અકારા થઈ પડે છે.

સંયતીય

[illegible] સંયતિ [illegible]

૧૮

ચારિત્રવાનનું મૌન એ ખરું જ્ઞાનમૌન છે તે એમનાં [illegible] [illegible] [illegible] જાણી શકતા નથી. આવું એ ચારિત્રનું સ્વરૂપ છે. ચારિત્રની એક જ ચિનગારી સેંકડો જન્મોનાં કર્માવરણ ([illegible]) ને બાળી શકે છે. ચારિત્રની [illegible] [illegible] ([illegible]) ને નિર્મૂળ કરી શકે છે.

એકદા કાંપિલ્ય નગરના સંયતિ મહારાજા મૃગયા (શિકાર) માટે એક ઉદ્યાનમાં નીકળી પડ્યા છે. ત્યાં એ કાંપિલ્યકેસર ઉદ્યાનમાં નિર્દોષ એવાં મૃગાદિ પશુઓ ચારો ચરતાં છે. રસમાં આસક્ત થયેલા મહારાજાના હૃદયમાં અનુકંપા હોવાને બદલે નિર્દયતાનો વાસ જામ્યો છે.

ઘોડા પર બેસી કેટ મૃગલાઓને બાણો માર્યા અને જેવા તે ઘવાયેલા મૃગલા પાસે આવે છે તેવા જ તે તેની પાસે પદ્માસને બેઠેલા એક યોગીશ્વરને જુએ છે, અને જોતાં વાર જ ચમકે છે. તુરત જ અશ્વ પરથી ઊતરી મુનીશ્વરની પાસે આવી વિનયપૂર્વક તેમનાં ચરણપૂજન કરે છે, નમસ્કાર કરે છે.

ધ્યાનમાં અડોલ રહેલા ગર્દભાલી યોગીશ્વરને કશોયે ખ્યાલ નથી. તે તો મૌન સમાધિમાં બેઠા છે. પરંતુ મહારાજા યોગીરાજ તરફથી પ્રત્યુત્તર ન મળતાં ભયભીત થાય છે. વિના

વાર્ટ કરેલી નિર્દોષ પશુઓની હિંસા તેને વારંવાર ખટકયા કરે છે. અનુકંપાની લહેરો ઊછળી પડે છે.

યોગીશ્વર ધ્યાનમાંથી નિવૃત્ત થાય છે કે શીઘ્ર મહારાજા પોતાનું નામ જણાવી યોગિરાજના કૃપાપ્રસાદને મેળવવાની જિજ્ઞાસા રજૂ કરે છે. યોગિરાજ તેમને યથાર્થ ભાન કરાવે છે અને ત્યાં જ એ સંસ્કારી આત્માનો તે જ ક્ષણે ઉદ્ધાર થાય છે.

ભગવાન બોલ્યા :—

[૧] (પંચાલ દેશમાં) કાંપીલ્ય નગરમાં ચતુરંગી સેના તથા ગાડીઘોડા, પાલખી વગેરે ઋદ્ધિવાળા એક સંયતિ નામના મહારાજા રાજ્ય કરતા હતા. એકદા તે મૃગયા (શિકાર) કરવા માટે પોતાના નગરની બહાર નીકળ્યા.

[૨] અશ્વદળ, હાથીદળ, રથદળ અને પાયદળ એ ચાર પ્રકારની મોટી સેનાથી ચારેતરફ ઘેરાયેલા–

[૩] રસ (પશુમાંસનો સ્વાદ)માં આસક્ત થઈ અશ્વ પર ચડેલા તે મહારાજા કાંપીલ્યકેસર નામના ઉદ્યાનમાં મૃગલાઓને ભગાડીને (પાછળ દોડી) બિવરાવેલા અને દોડીને થાકી ગયેલા એવા મૃગોને વીંધી નાખતા હતા.

[૪] તે જ કેસર ઉદ્યાનમાં તપોધની (તપસ્વી) અને સ્વાધ્યાય (ચિંતન) તથા ધ્યાનમાં જોડાયેલા એક અણગાર (સાધુ) ધર્મધ્યાનમાં લીન થયા હતા.

[૫] વૃક્ષથી વ્યાપ્ત એવા નાગરવેલના મંડપ નીચે તે મુનિ આસ્રવ (પાપમળ) ને દૂર કરીને નિર્મળ ચિત્તે ધ્યાન કરી રહ્યા છે. તેની પાસે આવેલા (એક) મૃગલાને પણ તે રાજા હણી નાખે છે.

નોંધ :—રાજાને ખબર ન હતી કે અહીં કોઈ મુનિરાજ છે. નહિ તો-

શિષ્ટતા જાળવવા ખાતર તે કદી તેવા મહાયોગીની પાસે આવું હિંસક
કરી શકત નહિ.

[૬] (મૃગો હણાયા પછી) પાછળ ઘોડા પર જલદી દોડી આવતો
રાજા તે સ્થળે આવીને હણાયેલા મૃગલાને જુએ છે,
તેને જોતાં જ પાસે ધ્યાનસ્થ બેઠેલા ત્યાગીને પણ જુએ

[૭] (જોતાંવાર જ મારા બાણથી મુનિરાજ હણાયા હશે! મુ
ન હણાયા હોય તો મૃગ તેની પાસે આવી ગયો માટે
મૃગ તે યોગીનો હશે અને તે હણાઈ ગયો, હવે મારું
થશે? અથવા આવા અનુકંપક યોગી પાસે આવું હિ
કૃત્ય થયું તેથી તેને દુઃખ થશે—આ પ્રમાણે વિચારો
છે.) તેથી ભયભીત અને શંકાગ્રસ્ત બની ગયેલો તે
છે કે "મંદ પુણ્યવાળા, રસાસક્ત અને હિંસક એવા
ખરેખર મુનિશ્રીની લાગણી દુભાવી."

[૮] તે રાજા તુરત જ પોતાના ઘોડા પરથી ઊતરી ઘોડાને દૂર મૂ
મુનિશ્રી પાસે જઈ તે આદર્શ ત્યાગીનાં બન્ને ચરણે
ભક્તિપૂર્વક નમે છે, અને સરળ ભાવપૂર્વક કહે છે
ભગવન્! મારા અપરાધને આપ માફ કરો.

[૯] રાજાનું તે વચનને એ યોગીશ્વર મૌનપૂર્વક ધર્મધ્યાનમાં ત
હોવાથી રાજાને પ્રત્યુત્તર ન આપી શક્યા. આથી રાજા
[illegible] ભય આકુળવ્યાકુળ થઈ ગયો.

નોંધ : [illegible] કે તેથી
[illegible] યોગીશ્વરના મૌને તેને
[illegible]

[illegible] આપવા કહે છે કે) હે ભગવન્!
[illegible]) છે. મને કંઈક કહો. કારણ કે

બહુ બીક લાગે છે ! કેમ કે કુપિત થયેલા અણગાર પોતાના તપોબળ (તેજોલેશ્યા)થી ક્રોડો મનુષ્યોને બાળી નાખે !

નોંધ :—તપસ્વી અને ત્યાગી પુરુષોને અનેક પ્રકારની સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે, પરંતુ આવા પુરુષો તેનો દુરુપયોગ કદી કરતા જ નથી, છતાં અજ્ઞાનથી રાજાને આવો ભય ઉત્પન્ન થાય તે સ્વાભાવિક જ છે. મુનિએ ધ્યાનમાંથી નિવૃત્ત થઈ રાજાને આવો અભય આપતાં મીઠી મધુર વાણીથી કહ્યું :—

[૧૧] હે રાજન્ ! તને અભય હો ! અને તું પણ તને (તારી નીચેના જીવોને માટે) અભયદાતા થા. અનિત્ય એવા આ જીવલોક (સંસાર)માં હિંસાના કાર્યમાં શા માટે આસક્ત થાય છે ?

નોંધ :—જેમ પ્રાણ આપણને પ્યારા છે તેમ તે સર્વ જીવોને પ્યારા છે. બીજા જીવોને પણ છે. અપરાધ વિના કોઈને દુઃખ દેવું ઉચિત નથી. હિંસક એવા અનુષ્ઠાનમાં આસક્ત થવું શા માટે જોઈએ ?

[૧૨] જો તારે ધનભંડાર, મોતી, મણિ, મહાસંપત્તિ, સ્વજન પરિવાર અને શરીર વગેરે બધું છોડીને કર્મવશાત્ પરલોકે તું જવાનો જ છે, તો અનિત્ય એવા આ સંસારમાં રાજ્ય પર પણ આસક્ત શા માટે થાય છે ?

[૧૩] જેના પર તું મુગ્ધ થયો છે તે જીવન અને રૂપ એ બન્ને તો વીજળીના ચમકારા જેવું ચંચળ છે. માટે હે રાજન્ ! આ લોકની ચિંતા છોડી પરલોક માટેનો કંઈક વિચાર કર. શા માટે પરલોકને ચિંતવતો નથી ?

[૧૪] સ્ત્રી, પુત્ર, મિત્રો કે બંધુઓ જીવતાને જ અનુસરી તેમાં ભાગીદાર બને છે. મરણ થયા પછી કોઈ અનુસરતું નથી.

નોંધ :—આ જગતનું સગપણ કેવળ સ્વાર્થનું જ છે અને બંધુભાવ પણ ક્ષણિક અને પરતંત્ર છે; તો તેવા ક્ષણિક સગપણ માટે જીવન હારી જવું કોઈ રીતે ઉચિત જ નથી.

[૧૫] જેમ અતિ દુઃખી થયેલા પુત્રો મરેલા પિતાને ઘરબહાર કાઢે

છે તેમ મરેલા પુત્રોના દેહને પિતા ત્યાગે છે. સગા બાંધવોનું પણ તેમ જ સમજવું. માટે હે રાજન્! તપશ્ચર્યા અને ત્યાગ (અનાસક્તિ) માર્ગમાં ગમન કર.

નોંધ:—ચેતન ગયા પછી સુંદર દેહ પણ સડવા માંડે છે. એટલે પ્રેમીજન પણ તેને જલદી બહાર કાઢી ચિતામાં સળગાવી દે છે.

[૧૬] હે રાજન્! ઘરધણી મરી ગયા પછી તેણે એકઠું કરેલું ધન અને પોતે પોષેલી સ્ત્રીઓને કોઈ બીજા મનુષ્યો જ ભોગવે છે. અને ઘરનાં બધાં હર્ષ અને સંતોષપૂર્વક તે મરેલાનાં આભૂષણોથી અલંકૃત થઈ આનંદ કરે છે.

નોંધ:—મરેલાનો વિરહ થોડો વખત સાલે છે. પરંતુ સંસારની ઘટના જ એવી છે કે સ્વાર્થ હોય તો લાંબા કાળે અને સ્વાર્થ ન હોય તો થોડા જ વખતમાં તે દુઃખ ભૂલી જવાય છે.

[૧૭] સગાંવહાલાં, ધન, પરિવાર એ બધું અહીં રહી જાય છે અને માત્ર તે જીવે કરેલાં શુભ કે અશુભ કર્મ જ સાથે આવે છે. તે શુભાશુભ કર્મથી જોડાયેલો જીવાત્મા એકલો જ પરભવમાં ચાલ્યો જાય છે.

નોંધ:—આવી જાતની સંસારઘટના બતાવવાથી તે સંસ્કારી રાજાનું હૃદય વૈરાગ્યમય બની જાય છે.

[૧૮] એ પ્રમાણે યોગીશ્વરની પાસે સત્યધર્મને સાંભળીને તે રાજા (પૂર્વ સંસ્કારોની પ્રબળતાથી) તે જ સમયે સંવેગ (મોક્ષની તીવ્ર અભિલાષા) અને નિર્વેદ (દેવ તથા મનુષ્ય સંબંધીના કામભોગોથી વૈરાગ્ય)ને પામ્યા.

[૧૯] હવે સંયતિરાજા રાજ્યને છોડીને ગર્દભાલી મુનિ પાસે જૈનશાસનની દીક્ષા લઈ સંયતિમુનિ બની ગયા,

નોંધ:—આવો વૈરાગ્ય જાગે પછી રાજમહેલ પણ કેમ રહેવાય? આવા સંસ્કારી જીવો જ અપૂર્વ આત્મબળ ધરાવનારા હોય છે.

ગર્દભાલી મુનીશ્વરના શિષ્ય સંયતિમુનિ સાધુજીવનમાં પરિપક્વ તેમ જ ગીતાર્થ (જ્ઞાની) બની ગુરુ પાસેથી આજ્ઞા લઈ એકદા ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા એક સ્થળે આવે છે. ત્યાં તેમને એક બીજા રાજર્ષિ મળે છે. આ ક્ષત્રિય રાજર્ષિ દેવલોકથી ચ્યવીને (નીકળીને) મનુષ્યભવ પામ્યા છે. તે પણ પૂર્વના પ્રબળ સંસ્કારી હોવાથી કંઈક નિમિત્ત મળતાં જાતિસ્મરણ જ્ઞાન થયું છે અને તેથી ત્યાગી બની દેશોદેશ વિચરી જિનશાસનને શોભાવી રહ્યા છે.

[૨૦] રાષ્ટ્રને ત્યાગીને દીક્ષિત થયેલા તે ક્ષત્રિય મુનિ સંયતિ યોગીશ્વરને પૂછે છે કે જેવું આપનું રૂપ દેખાય છે તેવું જ આપનું અંતઃકરણ પણ પ્રસન્ન દેખાય છે.

નોંધ :—જેવી આપની આકૃતિ સૌમ્ય છે તેવું જ અંતઃકરણ પણ નિર્મળ દેખાય છે.

[૨૧] આપનું નામ શું? પૂર્વાશ્રમમાં આપનું ગોત્ર શું હતું? આપ શાથી શ્રમણ બન્યા? (ત્યાગ કેવી રીતે લીધો?) કયા આચાર્ય (ગુરુદેવ)ને સેવો છો? તમો વિનીત કેવી રીતે કહેવાઓ છો? (આમ ક્ષત્રિય મુનિએ પૂછ્યું હતું.)

[૨૨] મારું નામ સંયતિ છે. ગૌતમ એ મારું ગોત્ર છે. જ્ઞાન અને ચારિત્રયુક્ત એવા ગર્દભાલી નામના આચાર્ય મારા ગુરુદેવ છે.

નોંધ :—મુક્તિને માટે યોગ્ય એવા ગુરુવરને હું સેવું છું. હવે વિનીત કેમ કહેવાયા!—તે પ્રશ્નના ઉત્તરમાં પુનઃ કહે છે :—

[૨૩] અહો ક્ષત્રિરાજ મહામુનિ! (૧) ક્રિયાવાદી (સમજણ વિના માત્ર ક્રિયા કરનાર, (૨) અક્રિયાવાદી (માત્ર પોપટિયા જ્ઞાનને માનનાર), (૩) વિનયથી જ સિદ્ધિ માનનારા અને (૪) અજ્ઞાનવાદી. આ ચારે વાદમાં રહેલા પુરુષો ભિન્નભિન્ન પ્રકારના માત્ર વાદો જ કર્યા કરે છે. પરંતુ તત્ત્વ માટે કશો પ્રયત્ન કરતા નથી. તે સંબંધમાં તત્ત્વજ્ઞ પુરુષોએ શું કહ્યું છે?

નોંધ :—આમ કહેવાનું પ્રયોજન એ છે કે તેવા મતને માનનાર

[illegible] આવ્યા વિનીત એવા તેને [illegible] તેથી [illegible] તું ક્યાંથી આવ્યો નથી તેમ સંયતિમુનિએ કહ્યું.

[૨૪] તત્ત્વના જાણ, સાચા પરાક્રમી અને ક્ષાયિક જ્ઞાન (શુદ્ધ જ્ઞાન) તથા ક્ષાયિક ચારિત્રવંત સંયુક્ત એવા જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરે પણ આ પ્રમાણે પ્રકટ કર્યું હતું.

[૨૫] અહીં જેઓ અસત્ય પ્રરૂપણા કરનાર, (કે પાપ કરનારા) હોય છે તે ઘોર નરકમાં પડે છે. અને જે આર્ય (સત્ય) ધર્મને આચરે છે તે મનુષ્ય દિવ્ય ગતિને પામે છે.

નોંધ:—મધ્યયુગમાં જૈનશાસન સર્વોપરિ ગણાતું. કારણ કે પૂર્ણ પુરુષો તેના પ્રવર્તક હતા. અને તે તપ, ત્યાગ તથા અહિંસાના સૂક્ષ્મ સિદ્ધાંતોનું પ્રરૂપણ કરતા.

[૨૬] તે સિવાયના માત્ર કપટયુક્ત મત પ્રવર્તી રહ્યા છે. તે નિરર્થક અને ખોટા વાદો જ છે, એમ જાણીને હું સંયમમાં પ્રવર્તન કરી ઈર્યાસમિતિમાં વર્તું છું.

નોંધ:—સર્વશ્રેષ્ઠ જૈનશાસનને જાણી તે માર્ગમાં હું ગમન કરું છું. ઈર્યાસમિતિ એ જૈન શ્રમણોની ક્રિયા છે. વિવેક અને ઉપયોગપૂર્વક ગમન કરવું તેનું નામ ઈર્યા.

[૨૭] (ક્ષત્રિય રાજર્ષિએ કહ્યું:-) એ બધા અશુદ્ધ અને અસત્ય દૃષ્ટિવાળા અનાર્ય મતો મેં પણ જાણ્યા છે. અને પરલોકને પણ જાણ્યા છે. તેથી હવે સાચા પ્રકારે આત્મસ્વરૂપને ઓળખી જૈનશાસનમાં વિચરું છું.

નોંધ:—ક્ષત્રિય રાજર્ષિએ સૌને પહેલાં જાણી લીધા હતા અને તેમાં અપૂર્ણતા લાગવાથી પછી જ જૈન જેવા વિશાળ શાસનની દીક્ષા લીધી હતી.

આ સાંભળી સંયતિમુનિએ કહ્યું :-

[૨૮] હું પણ પહેલાં મહાપ્રાણ નામના વિમાનમાં પૂર્ણ આયુષ્યવાળો કાન્તિમાન દેવ તરીકે હતો. ત્યાંની સો વર્ષની ઉપમાવાળી દિવ્ય આયુસ્થિતિ છે તે મોટા કાળ પ્રમાણની હોય છે.

[૩૫] (પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશામાં સમુદ્ર સુધી અને ઉત્તર દિશામાં ચુલ્લહિમવંત પર્વત સુધી જેની આણ હતી,) તેવા બીજા સગર ચક્રવર્તી પણ સાગરના છેડા સુધી રહેલા ભરત ક્ષેત્રના રાજ્યને તથા સંપૂર્ણ ઋદ્ધિમત્તાને છોડીને સંયમ અંગીકાર કરી મુક્તિ પામ્યા છે.

[૩૬] અપૂર્વ ઋદ્ધિમાન અને મહાકીર્તિમાન એવા મઘવ નામના ચક્રવર્તી પણ ભરતક્ષેત્રનું રાજ્ય છોડી પ્રવ્રજ્યા લેવાને સાવધાન થઈ ગયા હતા.

[૩૭] ચોથા સનત્કુમાર નરેંદ્ર ચક્રવર્તી કે જે મહાઋદ્ધિવાળા હતા છતાં તેમણે પણ પુત્રને રાજ્ય સોંપીને (સંયમ લઈ) તપશ્ચર્યાનો માર્ગ આદરી દીધો હતો.

[૩૮] લોકને વિષે અપાર શાન્તિ કરનારા પાંચમા શાંતિનાથ નામે ઋદ્ધિમાન ચક્રવર્તી પણ ભરતક્ષેત્રનું રાજ્ય છોડી, પ્રવ્રજ્યા લઈને મુક્તિ પામ્યા.

[૩૯] ઈક્ષ્વાકુ વંશના રાજાઓમાં વૃષભ સમાન ઉત્તમ અને વિખ્યાત કીર્તિવાળા નરેશ્વર, છઠ્ઠા ચક્રવર્તી કુંથુ રાજા પણ રાજ્યપાટ તથા સંપત્તિ છોડીને ત્યાગી બની અનુત્તરગતિ (મુક્તિ)ને પામ્યા.

[૪૦] સાગરના છેડા સુધી રહેલા ભારતક્ષેત્રના નરવરેશ્વર સાતમા ચક્રવર્તી અર નામના નરેશ્વર પણ તે બધી વસ્તુને છોડી કર્મથી રહિત થઈ શ્રેષ્ઠ ગતિ (મુક્તિ)ને પામ્યા.

[૪૧] નવમા મહાપદ્મ નામે ચક્રવર્તી પણ મોટી સેના, ભારતવર્ષનું મહાન રાજ્ય તથા ઉત્તમ કામભોગોને છોડી તપશ્ચર્યાના માર્ગમાં વળ્યા હતા.

[૪૨] પૃથ્વીના પ્રત્યેક રાજાઓના માનને મર્દન કરનાર અને મનુષ્યોમાં ઇંદ્ર સમાન એવા આઠમા ચક્રવર્તી હરિષેણ પણ મહીમંડળમાં પોતાનું એક જ છત્ર પ્રવર્તાવી આખરે તેને છોડીને ત્યાગી બની ઉત્તમ ગતિમાં ગયા.

[૪૩] હજારો રાજાઓથી ઘેરાયેલા અગિયારમા જય નામના ચક્રવર્તીએ પણ સાચા ત્યાગી થઈ આત્મદમન કર્યું અને ઉત્તમ ગતિ (મોક્ષગતિ) માં ગયા.

નોંધ:—ચક્રવર્તી એટલે ૬ ખંડના અધિપતિ; તેવા મહાન પુરુષોએ અપાર સમૃદ્ધિ અને મનોરમ્ય કામભોગોને છોડી દીધાં હતાં અને ત્યાગ અંગીકાર કર્યો હતો. ભરતખંડના બાર ચક્રવર્તી પૈકી ઉપરના દસ ત્યાગી થઈ મોક્ષે ગયા હતા, અને આઠમા સુભૂમ ચક્રવર્તી અને બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી એ બન્ને ભોગો ભોગવી નરકગતિ પામ્યા હતા.

જૈનશાસનમાં જે સામાન્ય રાજાઓ ભળ્યા તે બતાવે છે:—

[૪૪] પ્રત્યક્ષ શક્રેન્દ્રની પ્રેરણા થવાથી પ્રસન્ન અને પર્યાપ્ત એવા દશાર્ણ રાજ્યને છોડી દશાર્ણભદ્રે ત્યાગમાર્ગને આદર્યો.

[૪૫] નમિ રાજા તો ભોગો પ્રત્યે સાક્ષાત્ શક્રેન્દ્રની પ્રેરણા હોવા છતાં પોતાના આત્માને વશ રાખી વૈદેહી નગરી (ઘરબારને છોડીને ચારિત્રધર્મમાં સાવધાન થયા હતા.

[૪૬] તેમ જ કલિંગ દેશમાં કરકંડુ રાજા, પંચાલ દેશમાં દ્વિમુખ રા વિદેહ દેશમાં (મિથિલા નગરીમાં) નમિ રાજેશ્વર અને ગંધ દેશમાં નિર્ગત (નગઈ) નામના રાજેશ્વર ત્યાગી બન્યા હત

નોંધ:—આ ચારે પ્રત્યેકબુદ્ધ (કોઈ એક વસ્તુ જોઈને બો પામેલા) જ્ઞાની પુરુષો થઈ ગયા છે.

[૪૭] રાજાઓમાં ધોરી સમાન એ બધા રાજાઓ પોતાના પુત્રોને રાજ્ય સોંપીને જિનશાસનમાં અનુરક્ત બન્યા હતા અને ચારિત્રમાર્ગની આરાધના કરી હતી.

[૪૮] સિંધુ સોવીર દેશના ધોરી સમાન ઉદાયન નામના મહારાજાએ રાજ્ય છોડીને સંયમ આદર્યો અને આખરે ઉત્તમ એવી મોક્ષગતિને પામ્યા.

[૪૯] તે જ પ્રકારે કાશીદેશના (સાતમા નંદન નામના બળદેવ) રાજાએ પણ રાજ્ય તથા કામભોગોને તજી દીધા, તથા સંયમ આદર્યો. અંતે કલ્યાણ અને સત્યમાર્ગમાં પુરુષાર્થ કરીને કર્મરૂપી મહાવનને કાપી નાંખ્યું.

નોંધ:—વાસુદેવનું બળ તથા ઋદ્ધિ ચક્રવર્તીથી અર્ધી હોય છે. તેમના નાનાભાઈ હોય તે બળદેવ ગણાય. બળદેવ ધર્મપ્રેમી જ હોય છે; તે ભોગોમાં રક્ત થતા નથી.

[૫૦] અપયશને હણી નાખનાર અને મહાકીર્તિવાળા એવા વિજય નામના રાજાએ પણ ગુણસમૃદ્ધ (ગુણે કરીને પૂર્ણ) રાજ્યને છોડીને દીક્ષા લીધી હતી.

નોંધ :—વિજય એ બીજા નંબરના બળદેવ હતા.

૧] તે જ પ્રકારે અસન્નચિત્તપૂર્વક ઉગ્ર તપશ્ચર્યા આચરીને મહાબળ નામના રાજર્ષિ પણ માથા સાટે કેવળજ્ઞાનરૂપ લક્ષ્મીને મેળવી મુક્તિ પામ્યા હતા.

નોંધ :—પૂર્વોક્ત સિવાય બીજા પણ સાત બળદેવ રાજાઓ તથા બીજા અનેક રાજાઓ જૈનશાસનમાં સંયમી થયા છે. અહીં માત્ર થોડાં જ સિદ્ધ દૃષ્ટાંતો કહ્યાં લાગે છે.

[૫૨] ધીર પુરુષ નિષ્પ્રયોજનવાળી વસ્તુઓ સાથે ઉન્મત્તની માફક થઈ પૃથ્વીમાં સ્વચ્છંદી થઈ કેમ વિચરે?—એમ વિવેક કરીને જ ઉપર કહેલા (ભરતાદિક) શૂરવીર અને પ્રબળ પુરુષાર્થી પુરુષો જ્ઞાન અને ક્રિયાથી યુક્ત એવા જૈનમાર્ગને આદરતા હતા.

[૫૩] સંસારનાં મૂળ શોધવામાં સમર્થ એવી આ મેં (પૂર્વ આગમની) સત્ય વાણી આપને કહી છે. તે સાંભળીને આચરવાથી કેંક મહાપુરુષો તરી ગયા છે, વર્તમાનકાળે તમારા જેવા કેંક તરે છે અને ભવિષ્યકાળમાં અનેક તરી જશે.

નોંધ :—આ પ્રમાણે અહીં એ બન્ને આત્માર્થી અણગારોનો સત્સંગ-સંવાદ પૂર્ણ થાય છે. અને તે બન્ને મુનીશ્વરો પોતાના પંથે પ્રયાણ કરે છે.

[૫૪] ધીર પુરુષ સંસારની નિરર્થક વસ્તુઓ સારુ પોતાના આત્માને શા માટે હણે? અર્થાત્ ન જ હણે. એમ વિવેક કરે તો સર્વ સંગથી મુક્ત થઈ ત્યાગી બની તે અંતે નિષ્કર્મા થઈ સિદ્ધ થાય છે.

નોંધ :—ચક્રવર્તી જેવા મહારાજાઓ મનુષ્યલોકની સંપૂર્ણ ઋદ્ધિ અને શક્તિવાળા હોય છે. તેના ભોગોમાં શી ખામી હોય? છતાં ત્યાં પણ તૃપ્તિ હોતી નથી. તૃપ્તિ ત્યાગમાં છે. તૃપ્તિ નિરાસક્તિમાં છે. તૃપ્તિ નિર્મોહદશામાં છે. તેથી જ તેવા ધરણીપતિ બાહ્ય સંપત્તિને છોડી આંતરિક સંપત્તિને મેળવવા સંયમમાર્ગને સ્વીકારે છે.

[illegible]

[illegible]

એ પ્રમાણે ભગવાન શ્રીહરિ [illegible]

એમ [illegible] આજ્ઞા કરી.

આમ [illegible] આખ્યાન સમાપ્ત થયું.

સુગ્રીવ નામના નગરને વિષે બલભદ્ર નામના રાજા રહેતા હતા. અને તે રાજાને મૃગાવતી નામનાં પટરાણી હતાં.

[૨] માતાપિતાનો વહાલો અને યુવરાજ એવો બલશ્રી નામનો તેને એક કુમાર હતો કે જે દમિતેન્દ્રિયોમાં શ્રેષ્ઠ અને મૃગાપુત્ર તરીકે પ્રસિદ્ધ થયો હતો.

[૩] તે દોગુન્દક (ત્રાયસ્ત્રિંશક) દેવની માફક મનોહર રમણીઓ સાથે હમેશાં નંદન નામના મહેલમાં આનંદપૂર્વક ક્રીડા કરતો હતો.

નોંધ:—દેવલોકમાં ત્રાયસ્ત્રિંશક નામના ભોગી દેવો હોય છે.

[૪] મણિ અને રત્નોથી જેનું ભોંયતળિયું જડેલું છે, તેવા મહેલને ગોખે બેસીને એકદા તે નગરના ત્રણ રસ્તા, ચાર રસ્તા અને મોટાં ચોગાનોને ભિન્નભિન્ન રીતે જોયા કરે છે.

નોંધ:—મણિ અને રત્નોનું જડતર એ અહીં ઉપમેય કથન હોવું જોઈએ, કારણ કે અપાર સંપત્તિ હોવા છતાં તેનો આવી રીતે ઉપયોગ તો ન જ થઈ શકે. પરંતુ તે એવા પ્રકારનું જડતર હોય કે જોનારને ત્યાં અમૂલ્ય એવાં મણિ કે રત્નો જ પાથરેલાં લાગે.

[૫] તેવામાં તે મૃગાપુત્રે તપશ્ચર્યા, સંયમ અને નિયમોને ધારણ કરનાર, અપૂર્વ બ્રહ્મચારી અને ગુણની ખાણરૂપ એક સંયમીને ત્યાંથી પસાર થતા જોયા.

[૬] મૃગાપુત્ર મટકું માર્યા વગર એકદૃષ્ટિથી તે યોગીશ્વરને જોયા કરે છે. જોતાં જોતાં તેને વિચાર આવ્યો કે આવું સ્વરૂપ (વેશ) પહેલાં મેં અવશ્ય ક્યાંક જોયું છે.

[૭] સાધુજીનાં દર્શન થયા પછી આ પ્રમાણે ચિંતવતાં શુભ અધ્યવસાય (મનોભાવના) જાગૃત થયા. અને ક્રમથી મોહનીય ભાવ ઉપશાંત થવાથી ત્યાં ને ત્યાં તેમને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું.

[૧૫] અહો! આ આખો સંસાર ખરેખર દુઃખમય જ
રહેલાં પ્રાણીઓ બિચારાં જન્મ, જરા, રોગ અને મર
દુઃખોથી પિલાઈ રહ્યાં છે.

[૧૬] (હે માતાપિતા!) આ બધાં ક્ષેત્ર (ઉઘાડી જમીન), સુવર્ણ, પુત્ર, સ્ત્રી, બંધુઓ અને આ શરીરને છોડીને પરાધીનપણે મારે વહેલું કે મોડું અવશ્ય જવાનું છે.

નોંધ:—જે જીવાત્મા કામભોગોને સ્વયં નથી તજતો તેને કા
તજી દે છે; માટે પોતાની જાતે તજેલા કામભોગો દુઃખકર નહિ પણ
નીવડે છે.

[૧૭] જેમ કિંપાક ફળનું પરિણામ સુંદર નથી તેમ ભોગ
ભોગોનું પણ પરિણામ સુંદર નથી.

નોંધ :—કિંપાકવૃક્ષનાં ફળ જોવામાં રમણીય અને ખાવામાં તો અતિ મધુર હોય છે, પરંતુ ખાધા પછી થોડી જ વારમાં મૃત્યુ નિપજાવી દે છે.

[૧૮] (વળી હે માતાપિતા!) જે મુસાફર અટવી જેવા લાંબા માર્ગમાં ભાતું લીધા વિના પ્રયાણ કરે છે, તે રસ્તે જતાં ક્ષુધા અને તૃષાથી ખૂબ પીડાય છે, અને દુઃખી થાય છે.

[૧૯] તે જ પ્રમાણે જે ધર્મને આદર્યા વિના પરભવ (પરલોક)માં જાય છે, તે ત્યાં જઈ અનેક પ્રકારના રોગો અને ઉપાધિઓથી પીડાય છે.

નોંધ :—આ સંસાર અટવી છે, જીવ મુસાફર છે અને ધર્મ ભાતું છે. જો ધર્મરૂપી ભાતું હોય તો જ જે ગતિ પામે ત્યાં તે શાંતિ મેળવી શકે છે, અને એમ સંસારરૂપી આખી અટવી સુખેથી પસાર કરી શકે છે.

[૨૦] જે મુસાફર અટવી જેવા લાંબા માર્ગમાં ભાતું લઈને પ્રયાણ કરે છે તે ક્ષુધા અને તૃષાથી રહિત થઈ સુખી થાય છે.

[૨૧] તે પ્રમાણે જે સાચા ધર્મનું પાલન કરીને પરભવમાં જાય છે તે ત્યાં લઘુકર્મી (અલ્પકર્મી) અને અરોગી થઈ સુખી થાય છે.

[૨૨] વળી હે માતાપિતા! ઘર બળતું હોય ત્યારે તે ઘરનો ધણી અસાર વસ્તુઓને છોડી પહેલાં બહુ મૂલ્યવાળી વસ્તુઓ જ કાઢી લે છે.

[૨૩] તેમ આ આખો લોક જરા અને મરણથી બળી જળી રહ્યો છે. આપ મને આજ્ઞા આપો તો તેમાંથી (તુચ્છ એવા કામભોગોને તજીને) કેવળ મારા આત્માને જ ઉગારી લઈશ.

[૨૪] (તરુણપુત્રની તાલાવેલી જોઈ તેને) માતાપિતાએ કહ્યું:—હે પુત્ર! સાધુપણું (ચારિત્ર લેવું) એ કઠણ છે. સાધુપુરુષો

નોંધ :—આવા આશ્રવો દોષો દૂર કરી નિર્જરા ગુણોનો વિકાસ કરવો પડે છે.

[૨૫] જીવન પર્યંત જગતના જીવમાત્ર પર સમભાવ રાખવો પડે છે, શત્રુ અને મિત્ર બન્નેને સમાન દૃષ્ટિથી જોનારા હોય છે, અને હાલતાં, ચાલતાં, ખાતાં એમ પ્રત્યેક ક્રિયામાં થતી સૂક્ષ્મ હિંસાથી પણ નિવર્તવું પડે છે. તેવી સ્થિતિ ખરેખર સૌ કોઈને માટે દુર્લભ છે.

[૨૬] સાધુજીને આખા જીવન સુધી ભૂલેચૂકે પણ અસત્ય બોલવાનું હોતું નથી. સતત અપ્રમત્ત (સાવધાન) રહીને હિતકારી છતાં સત્ય બોલવું એ બહુ કઠણ છે.

[૨૭] સાધુજી દાંત કોતરવાની સળી સુધ્ધાં પણ રાજીખુશીથી દીધા વગર લઈ શકે નહિ. તેવી રીતે દોષ રહિત ભિક્ષા મેળવવી એ પણ અતિ કઠિન છે.

નોંધ :—દશવૈકાલિક સૂત્રના ત્રીજા અધ્યયનમાં બેંતાલીસ દોષોનું વર્ણન છે. ભિક્ષુને તેવા સૂક્ષ્મ દોષોથી રહિત ભોજન લેવાની આજ્ઞા છે.

[૨૮] કામભોગોના રસને જાણનારાએ અબ્રહ્મચર્ય (મૈથુન) થી સાવ વિરક્ત રહેવું એ કંઈ સામાન્ય વાત નથી. આવું ઘોર (અખંડ) બ્રહ્મચર્યવ્રત પાળવું અતિ અતિ કઠિન છે.

નોંધ :—બાલપણથી જેણે ભોગો ન ભોગવ્યા હોય તે કરતાં ભોગવી લીધા હોય તેને વારંવાર તેનું સ્મરણ આવવું એ સાવ સંભવિત છે. અને સ્મરણથી કુસંકલ્પ થતા જાય તો માનસિક, વાચિક અને કાયિક બ્રહ્મચર્ય પાળી શકાય નહિ.

[૨૯] ધન, ધાન્ય કે દાસાદિ કોઈ પણ વસ્તુનો પરિગ્રહ ન રાખવો તેમ જ સંસારની હિંસાદિ સર્વ ક્રિયાઓનો ત્યાગ કરવો તે દુષ્કર છે. ત્યાગ કરીને કોઈ વસ્તુ પર મમતા પણ ન રાખવી તે અતિ દુષ્કર છે.

[૩૭] વેળુનો કોળિયો જેટલો નીરસ છે, તેટલો જ (વિષય રહિત) સંયમ પણ નીરસ છે. તરવારની ધાર પર જવું જેટલું કઠણ છે, તેટલું જ તપશ્ચર્યાના માર્ગમાં પ્રયાણ કરવું કઠણ છે.

[૩૮] વળી હે પુત્ર! સર્પની માફક એકાંત આત્મદૃષ્ટિથી ચારિત્ર-માર્ગમાં ચાલવું દુષ્કર છે. લોખંડના જવ ચાવવા જેટલા દુષ્કર છે તેટલું જ સંયમપાલન પણ દુષ્કર છે.

[૩૯] જેમ બળતી અગ્નિની ઝાળ પીવી દોહલી છે, તેમ તરુણ વયમાં સાધુપણું પાળવું દુષ્કર છે.

[૪૦] વાયુનો કોથળો ભરવો જેટલો મુશ્કેલ કે અશક્ય છે તેટલું કાયરને સાધુપણું પાળવું મુશ્કેલ છે.

[૪૧] જેમ ત્રાજવેથી લક્ષ યોજનનો મેરુ પર્વત તોળવો દુષ્કર છે, તેમ શંકા રહિત અને નિશ્ચળ સંયમ પાળવો દુષ્કર છે.

[૪૨] જેમ બે હાથથી આખો સમુદ્ર તરી જવો અશક્ય છે, તેમ અનુપશાંત (અશક્ત) જીવ વડે દમનો સાગર તરવો દુષ્કર છે.

નોંધ:—દમ એટલે ઇંદ્રિય તથા મનને દમવું. તે કઠણ છે.

[૬૯] (અને પછી પણ એ પરમાધાર્મિકોએ કહ્યું:-) "અરે અનાર્ય કર્મના કરનાર! તને પૂર્વજન્મમાં માંસ બહુ પ્રિય હતું." એમ કહીને મારા શરીરમાંથી માંસ તોડી તોડી તેના કકડા કરી અગ્નિ જેવાં લાલ ભડથાં બનાવી બનાવીને મને ઘણી વાર ખવડાવ્યાં.

[૭૦] "વળી તને ગોળ તથા મહુડાં વગેરેનો બનેલ સુરા (દારૂ) બહુ જ પ્રિય હતો" એમ સંભારીને મારા જ શરીરનું રુધિર અને ચરબી જાજ્વલ્યમાન કરી મને પિવડાવી હતી.

[૭૧] ભય સહિત, ઉદ્વેગ સહિત અને દુઃખ સહિત પીડાયેલા એવા મેં ઘણા દુઃખથી ભરેલી આવી વેદનાઓ સતત અનુભવી હતી.

[૭૨] નરક યોનિમાં મેં તીવ્ર, ભયંકર, અસહ્ય, મહાભયકારક, ઘોર અને પ્રચંડ વેદનાઓ ઘણીવાર સહન કરી છે.

[૭૩] હે તાત! મનુષ્યલોકમાં જેવી ભિન્નભિન્ન પ્રકારની વેદનાઓ અનુભવાય છે તે કરતાં નરક ગતિઓમાં અનંતગણી વેદનાઓ હોય છે.

[૮૫] પાછી આજ્ઞા લેવા માટે ફરીથી મૃગાપુત્રે કહ્યું
આપની આજ્ઞા હોય તો હમણાં જ સર્વ દુઃ
મૃગચર્યારૂપ સંયમને આદરું ? આ સાંભળ
પ્રસન્ન ચિત્તે કહ્યું :—પ્યારા પુત્ર ! યથેચ્છ

[૮૬] એ પ્રમાણે બહુ પ્રકારે માતાપિતાને સમજાવીને
લઈને, જેમ મહાન હાથી બખ્તરને ભેદી
મમત્વને છેદી નાખ્યું.

[૮૭] સમૃદ્ધિ, ધન, મિત્રો, સ્ત્રી, પુત્રો અને સ્વજને
લાગેલી ધૂળને ખંખેરી નાખે તેમ; બધાને તજીને તે

[૮૮] પાંચ મહાવ્રતો, પાંચ સમિતિ અને ત્રણ ગુ
બની અભ્યંતર (આંતરિક) અને બાહ્ય તપ
વંત થયા.

નોંધ:—મહાવ્રત, સમિતિ અને ગુપ્તિનું વર્ણ
તપશ્ચર્યાનું સવિસ્તર વર્ણન ત્રીસમા અધ્યયનમાં આવશે.

[૮૯] મમતા, અહંકાર, આસક્તિ અને ગર્વને છોડી ત્રસ તેમ જ સ્થાવર જીવો પર પોતાના આત્મા સમાન વર્તવા લાગ્યા.

[૯૦] વળી લાભમાં કે અલાભમાં, સુખમાં કે દુઃખમાં, જીવિતમાં કે મરણમાં, નિંદામાં કે પ્રશંસામાં અને માનમાં કે અપમાનમાં સમવર્તી બન્યા.

[૯૧] ગર્વ, કષાય, દંડ, શલ્ય, હાસ્ય, ભય, શોક અને વાસનાથી નિવૃત્ત થઈ સ્વાવલંબી બન્યા.

નોંધ:—દંડો ત્રણ છે: મનદંડ, વચનદંડ, કાયદંડ. શલ્યો પણ ત્રણ છે: માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શનશલ્ય. કષાય ચાર છે: ક્રોધ, માન, માયા અને લોભ.

[૯૨] આ લોક સંબંધી અને પરલોક સંબંધીની આશાથી રહિત થયા. ભોજન મળો કે ન મળો, કોઈ શરીરને ચંદન લગાડો કે છોલો—એ બન્ને દશામાં સમવર્તી થયા.

[૯૩] અને અપ્રશસ્ત એવાં પાપોના આસ્રવથી (આગમનથી) સર્વ પ્રકારે રહિત થયા. તેમ જ આધ્યાત્મિક ધ્યાનના યોગો વડે કષાયોનો નાશ કરીને પ્રશસ્ત શાસનમાં સ્થિર થયા.

[૯૪] એ પ્રમાણે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વિશુદ્ધ ભાવનાઓથી પોતાના આત્માને વિશુદ્ધ બનાવીને—

[૯૫] ઘણાં વર્ષો સુધી ચારિત્ર (સાધુપણું) પાળીને એક માસનું અનશન કરી શ્રેષ્ઠ સિદ્ધગતિને પામ્યા.

નોંધ:—અનશન બે પ્રકારનાં હોય છે: (૧) મરણપર્યંત. આ અનશન આયુષ્યનો અંતકાળ જાણી મરણપર્યંતના કાળ સુધી કરવાનું હોય છે. (૨) કાળમર્યાદિત.

[૯૬] જેમ મૃગાપુત્ર રાજર્ષિ ભોગોથી તરુણ વયમાં નિવર્તી શક્યા તેમ તત્ત્વને જાણનારા પંડિત પુરુષો ભોગોથી સહસા ત થાય છે.

મહાનિર્ગ્રંથીય

મહાનિર્ગ્રંથ મુનિ સંબંધી

૨૦

કદાચ શરીરની વેદના હરવાનું ઔષધ હશે, બાહ્ય બંધનોની વેદના તોડવાનાં શસ્ત્રો પણ મળી આવશે; પરંતુ ઊંડી ઊંડી થતી આત્મવેદનાને દૂર કરવાનાં ઔષધ બહાર ક્યાંય નથી. આત્માની અનાથતાને દૂર કરવા માટે બહારનાં કોઈ સામર્થ્ય કામ આવી શકતાં નથી પોતાના સનાથ માટે પોતે જ સાવધાન થવું ઘટે. બીજાં અવલંબનો એ જાદુગરના તમાશા છે. આત્માનાં અવલંબન એ જ સાચાં સાથી છે.

અનાથી નામના યોગીશ્વર સંસારની અનિત્યતાને અનુભવી ચૂક્યા હતા. રાજ્યઋદ્ધિ જેવી સમૃદ્ધિ, અપાર વિલાસો અને તરુણિનાં પ્રલોભન તથા માતાપિતાનો અપાર સ્નેહ એ બધું તેમણે સરળતાથી છોડી દીધું હતું.

એકદા તરુણ વયના તે તેજસ્વી ત્યાગી ઉદ્યાનમાં એકાંત ધ્યાન ધરી રહ્યા હતા. તે જ ઉદ્યાનમાં અકસ્માતથી જઈ ચડેલો શ્રેણિક નામનો રાજગૃહીનો રાજવી યોગીશ્વરની પ્રસન્ન મુખમુદ્રા, જળહળતી આત્મજ્યોત અને તરુણ વયની ત્યાગદશા જોઈ મુગ્ધ બન્યો. શું આવા યુવાનો પણ ત્યાગી હોય?–એ વિચારે તેને બહુ બહુ ચકિત બનાવ્યો. એ યોગીના વિશુદ્ધ આંદોલને શ્રેણિકના અંતઃકરણમાં જે ક્રાંતિ મચાવી તેનું નિરીક્ષણ કમુક્ષુને અતિઅતિ આવશ્યક છે.

[૧૬] (મુનિએ કહ્યું) હે પાર્થિવ! તું અનાથ કે સનાથના પરમા-
ર્થને જાણી શક્યો નથી. હે નરાધિપ! અનાથ અને સનાથ-
ભાવને જરા પણ સમજી શક્યો નથી. (તેથી જ તને ખેદ
થાય છે.)

[૧૭] હે મહારાજ! અનાથ કોને કહેવાય છે? મને અનાથતું
ભાન ક્યાં અને કેવી રીતે થયું અને કેમ પ્રવ્રજ્યા લીધી તે
બધું સ્વસ્થ ચિત્ત રાખી સાંભળ.

[૧૮] પ્રાચીન શહેરોમાં સર્વોત્તમ એવી કોશાંબી નામની નગરી હતી
અને ત્યાં પ્રભૂત ધનસંચય નામના મારા પિતા રહેતા હતા.

[૧૯] એકદા હે મહારાજ! તરુણ વયમાં મને એકાએક આંખોમાં
અતુલ પીડા ઉત્પન્ન થઈ; અને તે પીડાથી આખા શરીરે

ખૂબ શોકાતુર થઈ જતી હતી. પરંતુ તેથી મારું દુઃખ છૂટયું નહિ, એ જ મારી અનાથતા.

[૨૬] માતાના એક જ ઉદરમાંથી જન્મેલા નાના અને મોટા ભાઈઓ પણ મને દુઃખથી છોડાવી ન શકયા, એ પણ મારી અનાથતા.

[૨૭] હે મહારાજ! નાની અને મોટી મારી સગી બેનો પણ આ દુઃખથી મને બચાવી ન શકી, એ મારી અનાથતા નહિ તો બીજું શું?

[૨૮] હે મહારાજ! તે વખતે મારા પર અત્યંત સ્નેહવાળી અને પતિવ્રતા પત્ની આંસુભર્યા નયને મારું હૃદય ભીંજવી રહી હતી.

[૨૯] મારું દુઃખ જોઈ તે નવયૌવના મારાથી જાણે કે અજાણે અન્ન, પાન, સ્નાન કે સુગંધિત પુષ્પમાળા કે વિલેપન સુધ્ધાં ભોગવતી ન હતી.

[૩૦] અને હે મહારાજ! એક ક્ષણ પણ તે સહચારિણી અળગી થતી ન હતી. આખરે (એટલી અગાધ સેવા વડે પણ) તે મારી આ વેદનાને હઠાવી ન શકી, તે જ મારી અનાથતા.

[૩૧] આવી ચારેકોરથી અસહાયતા અનુભવવાથી મેં વિચાર્યું કે અનંત એવા આ સંસારમાં આવી વેદનાઓ ભોગવવી પડે તે બહુ અસહ્ય છે.

[૩૨] માટે આ વિપુલ વેદનાથી જો એક જ વાર હું મુકાઉં તો ક્ષાન્ત, દાન્ત અને નિરારંભી બની તુરત જ શુદ્ધ સંયમને ગ્રહણ કરીશ.

[૩૩] હે નરપતિ! રાત્રિએ એમ ચિંતવીને હું સૂઈ ગયો. અને રાત્રિ જેમ જેમ જતી ગઈ તેમ તેમ મારી તે વિપુલ વેદના ક્ષીણ થતી ગઈ.

[૩૪] ત્યારબાદ પ્રભાતે તો સાવ નીરોગી થઈ ગયો અને એ બધાં

સંબંધીઓની આજ્ઞા લઈને ક્ષાન્ત (સહિષ્ણુ), દાન્ત (દમિતેન્દ્રિય) અને નિરારંભી (પાપક્રિયાથી રહિત) થઈ સંયમી બન્યો.

[૩૫] ત્યાગ લીધા પછી હું મારો પોતાનો અને સર્વ ત્રસ (હાલતા ચાલતા) જીવો તથા સ્થાવર (સ્થિર) જીવો, એ બધાનો પણ નાથ (રક્ષક) થઈ શક્યો

નોંધ:—આસક્તિનાં બંધન છૂટવાથી પોતાનો આત્મા [illegible] સ્વાવલંબન હોય જ [illegible]. ખરી સનાથતા [illegible] સહાયોની [illegible] જ ન રહે. ખરી સનાથતા પામે તે [illegible] પણ નાથ બની શકે. બહારનાં બંધનોથી [illegible] રક્ષા ન [illegible]. પોતાના [illegible] આંતરિક બંધનોથી [illegible] ખરી અનાથતા [illegible] ખરી સનાથતા [illegible]

અનાથતા છે. હે નૃપ! તું તે વસ્તુને એકાગ્ર શાન્ત ચિત્તથી સાંભળ.

[૩૯] જે પાંચ મહાવ્રતોને ગ્રહણ કરી પછી પ્રમાદવશતાથી તે યથાર્થ પાળી શકતો નથી અને પોતાના આત્માનો અનિગ્રહ (અસંયમ) કરી રસાદિ સ્વાદોમાં લુબ્ધ થાય છે તેવો ભિક્ષુ રાગ અને દ્વેષરૂપ સંસારના બંધનને મૂળથી છેદી શકતો નથી.

નોંધઃ—અસંયમનો હેતુ અનાથતાના બીજરૂપ ઉપજાવે છે. વસ્તુ પોતાની રહેતી નથી, પણ વસ્તુની આસક્તિ પોતાની થાય છે. અહીં મુનિએ ખાસ તે જ પ્રયત્ન કરવો જોઈએ.

[૪૦] (૧) ઉપયોગપૂર્વક ગમનાગમન, (૨) ભાષા, (૩) એષણા (ભોજન વસ્ત્ર વગેરે પ્રાપ્ત કરવાની વૃત્તિ), (૪) ભોજન, પાત્ર, કંબલ, વસ્ત્રાદિનું મૂકવું તથા લેવું, અને (૫) નહીં આવશ્યક વસ્તુનો યોગ્ય સ્થળે ત્યાગ કરવો—આ પાંચ સમિતિઓમાં જે ઉપયોગ રાખતો નથી તે વીરપુરુષે આચરેલા (જિન) માર્ગમાં જઈ શકતો નથી.

[૪૧] જે ઘણા કાળ સુધી મુંડ (સાધુપણાની ક્રિયા) રુચિ થઈને પણ પોતાનાં વ્રત-નિયમોમાં અસ્થિર થઈ જાય છે અને તપશ્ચર્યાદિ અનુષ્ઠાનથી ભ્રષ્ટ થાય છે, તેવો સાધુ ઘણાં વર્ષો સુધી (ત્યાગ, સંયમ, કેશલુંચન અને બીજાં કષ્ટોથી) પોતાના દેહને દુઃખ આપવા છતાં સંસારનો પાર જઈ શકતો નથી.

[૪૨] તે પોલી મૂઠી અને છાપ વિનાના ખોટા સિક્કાની માફક સાર (મૂલ્ય) રહિત બને છે અને કાચનો કટકો જેમ વૈડૂર્યમણિ પાસે નિરર્થક હોય છે તેમ જ્ઞાની જનો પાસે તે નિર્મૂલ્ય થઈ જાય છે.

[૪૩] આ મનુષ્યજન્મમાં રજોહરણાદિ મુનિનાં માત્ર ચિહ્નો રાખે અને માત્ર આજીવિકા ખાતર વેશધારી સાધુ બને તે ત્યાગી

ન હોવા છતાં પોતાને ત્યાગી. કહેવડાવતો ફરે છે. આવો કુસાધુ પાછળથી બહુ કાળ સુધી (નરકાદિ જન્મોની) પીડા પામે છે.

[૪૪] જેમ તાળપુટ (હાથમાં લેવાથી તાળવું ફાટી જાય તેવું) વિષ ખાવાથી, અવ્યવસ્થિત (અવળું) શસ્ત્ર ગ્રહણ કરવાથી અને અવિધિથી મંત્રજાપ કરવાથી જેમ તે મારી નાખે છે, તેજ રીતે વિષયભોગની આસક્તિથી યુક્ત હોય તો તે ચારિત્રધર્મ પણ તે ગ્રહણ કરનારને મારી નાખે છે. (દુર્ગતિમાં લઈ જાય છે.)

નોંધ:—જે વસ્તુ વિકાસને પંથે લઈ જાય છે તે જ વસ્તુ [illegible] તો નીચે પણ લઈ જાય છે.

[૪૫] લક્ષણવિદ્યા, સ્વપ્નવિદ્યા, જ્યોતિષ અને વિવિધ કૌતુક (ચમત્કાર) વિદ્યાઓમાં રક્ત થયેલા અને [illegible] [illegible] વિદ્યાનાં પાપોથી પેટ ભરનારા તેવા કુસાધુને તે [illegible]

નોંધ :—જૈન ભિક્ષુને બહુ જ શુદ્ધ અને નિર્દોષ ભિક્ષા જ લેવાની હોય છે. ભિક્ષા લેવા માટે બહુ કડક નિયમો તેને અનુસરવા પડે છે.

[૪૮] મસ્તકને છેદનાર શત્રુ જે અનર્થ ન કરી શકે તે અનર્થ પોતાનો જીવાત્મા જ કુમાર્ગે જાય તો કરી નાખે છે. પરંતુ જે સમયે તે કુમાર્ગે જતો હોય છે, ત્યારે તેને વિચાર નથી આવતો. જ્યારે મૃત્યુના મુખમાં જવું પડે છે, ત્યારે જ તે જાણી શકે છે અને પછી ખૂબ પસ્તાય છે.

[૪૯] એવા કુસાધુનો ત્યાગ પણ નિષ્ફળ નીવડે છે અને તેનો પુરુષાર્થ પણ વિપરીત થઈ જાય છે. ભ્રષ્ટાચારીને આ લોક કે પરલોકમાં જરા પણ શાંતિ થતી નથી. તે (આંતરિક અને બાહ્ય) બન્ને પ્રકારનાં દુ:ખનો ભોગ બની જાય છે.

[૫૦] જેમ ભોગરસની લોલુપી (માંસવાળી) પંખણી બીજા હિંસક પક્ષી વડે સપડાઈને પછી ખૂબ પરિતાપ કરે છે, તે જ પ્રકારે દુરાચારી અને સ્વચ્છંદી સાધુ જિનેશ્વર દેવોના આ સન્માર્ગને વિરાધીને પછી મરણાન્તે બહુબહુ પરિતાપ પામે છે.

[૫૧] આ જ્ઞાન અને ગુણથી યુક્ત એવી મધુર શિખામણ સાંભળીને ડાહ્યા અને બુદ્ધિમાન સાધક દુરાચારીઓના માર્ગને દૂરથી જ છોડીને મહાતપસ્વી મુનીશ્વરોના માર્ગે જવું.

[૫૨] એ પ્રમાણે જ્ઞાનપૂર્વક ચારિત્રના ગુણોથી ભરપૂર એવો સાધક શ્રેષ્ઠ સંયમને પાળીને તથા પાપરહિત બની પૂર્વકર્મને હઠાવીને આખરે સર્વોત્તમ અને સ્થિર એવા મોક્ષસ્થાનને પામી શકે છે,

[૫૩] આ પ્રમાણે કર્મશત્રુ પ્રત્યે ઉગ્ર, દમિતેન્દ્રિય, મહાતપસ્વી, વિપુલ યશસ્વી અને દૃઢવ્રતવાળા મહામુનીશ્વરે (અનાથી મુનીશ્વરે) સાચા નિર્ગ્રંથ મુનિનું મહાશ્રુત અધ્યયન અતિ વિસ્તારપૂર્વક શ્રેણિક મહારાજાને કહી સંભળાવ્યું.

[illegible]

[illegible]

२१

[illegible]

[illegible] તેને જોતાં જ તેની દૃષ્ટિનાં પડળો ખસ્યાં. માત્ર વસ્તુ પર જ નહિ પરંતુ વસ્તુના પરિણામ તરફ તેની દૃષ્ટિ ગઈ. વાંચેલું ચિંતન આવ્યું, સંસ્કાર સ્ફુર્યા, પવિત્ર થવાની પ્રેરણા જાગી અને એ સરળ આત્માએ પોતાની સાધના પૂરી કરી.

હતો. એકદા વહાણ રસ્તે પિહુંડ નામના નગરમાં તે વ્યાપાર માટે આવી રહ્યો હતો.

નોંધ—આ પિહુંડ નગરમાં ઘણાં વર્ષો સુધી તે રહ્યો હતો. ત્યાં તેના વેપારની સારી જમાવટ થઈ હતી, અને ત્યાં એક વણિકની સ્વરૂપવતી સ્ત્રીને પરણ્યો હતો. આ સંપૂર્ણ કથાનો સંબંધ અન્ય ગ્રન્થોમાં સવિસ્તર છે. જિજ્ઞાસુએ તે જોઈ લેવો. અહીં ખાસ આવશ્યક નોંધ ન લી.

[૩] પિહુંડ નગરમાં વ્યાપારી તરીકે રહેતાં તેની સાથે કોઈ બીજા વણિકે પોતાની પુત્રી પરણાવી હતી. એમ ઘણો વખત જતાં તે બાઈ ગર્ભવતી થઈ. એ ગર્ભવતી પત્નીને સાથે લઈ હવે તે (ઘણો વખત થઈ જવાથી) પોતાના દેશ તરફ આવવા નીકળ્યો.

[૪] તે પંથે ચાલતાં પાલિતની સ્ત્રીએ સમુદ્રમાં જ પુત્રને પ્રસવ કર્યો. તે બાલક સમુદ્રમાં જન્મવાથી તેનું નામ સમુદ્રપાલ રાખવામાં આવ્યું.

[૫] તે વણિક શ્રાવક વગેરે બધાં કુશળતાથી ચંપાનગરીમાં પોતાને ઘેર પહોંચ્યાં. અને તેને ઘેર તે બાળક સુખપૂર્વક ઊછરવા લાગ્યો.

[૬] જોનારને વલ્લભ લાગે તેવો અને સૌમ્ય કાન્તિવાળો તે બુદ્ધિમાન બાળક ક્રમપૂર્વક બોંતેર કળાઓમાં અને નીતિ-શાસ્ત્રમાં પંડિત થયો; અને અનુક્રમે હવે યૌવનને પણ પ્રાપ્ત થયો.

[૭] પુત્રની યુવાન વય જોઈને તેના પિતાએ (અપસરા જેવી) રૂપવતી રૂપિણી કન્યા સાથે તેને પરણાવ્યો. તે સમુદ્રપાલ રમણીય મહેલમાં દોગુન્દક (વિલાસી) દેવની પેઠે ક્રીડા કરી રહ્યો છે અને ભોગો ભોગવી રહ્યો છે.

(આવી રીતે ભોગજન્ય સુખો ભોગવતાં ભોગવતાં કેટલાક

કાળ પછી) એકદા તે મહેલના ગોખમાં બેસી નગરચર્ચા જોવામાં લીન થયો છે. તેવામાં મારવાનાં ચિહ્ન સહિત વધ્યભૂમિ પર લઈ જવાતા એક ચોરને તેણે જોયો.

નોંધ :—તે યુગમાં ફાંસી પર ચડાવતાં પહેલાં ખૂબ વિરૂપ પ્રકારથી ગુનેગારને લઈ જવામાં આવતો હતો. તેના ચિહ્ન તરીકે ગળામાં કણેરની માળા, ફૂટેલો ઢોલ, ગર્દભસવારી અને બંધન રાખવામાં આવતાં.

[૯] તે ચોરને જોઈને ખૂબ વિચારો આવી ગયા અને વૈરાગ્યભાવે તે સ્વયં કહેવા લાગ્યો કે અહો ! કેવાં અશુભ કર્મોનાં કડવાં ફળો આ પ્રત્યક્ષ ભોગવવાં પડે છે !

નોંધ :—'જેવું કરીએ તેવું પામીએ' આ અચળ સિદ્ધાંત મૃગાપાલના અંગેઅંગમાં વ્યાપક થઈ ગયો. કર્મના અચળ કાયદાએ તેને કંપાવી મૂક્યો. ભોગજન્ય આ સુખોનાં પરિણામ શાં ? હું શું કરી રહ્યો છું ? મારું અહીં આગમનનું પ્રયોજન શું ? આવી અનેક વિચારશ્રેણિઓ સતત જાગી ઊઠી.

[૧૦] અને તે જ વખતે ઊંડાં ચિંતનના પરિણામે જાતિસ્મરણ જ્ઞાન જન્મ્યું, સાચું તત્ત્વ સમજાયું અને પરમ સંવેગ જાગ્યો. સાચા વૈરાગ્યના પ્રભાવે માતાપિતાનાં અંતઃકરણ સંતુષ્ટ કરી આખરે તેમની આજ્ઞા લઈ પ્રવ્રજ્યા સ્વીકારી અને તે સંયમી બન્યા.

[૧૧] મહા ક્લેશ, મહા ભય, મહા મોહ, અને મહા આસક્તિના મૂળરૂપ લક્ષ્મી તથા સ્વજનોના મોહમય સંબંધને છોડી ત્યાગધર્મને રુચિપૂર્વક સ્વીકાર્યો અને પાંચ મહાવ્રત તથા સદાચારોને આરાધવા લાગ્યા, તેમ જ પરિષહને જીતવા લાગ્યા.

નોંધ :—પાંચ મહાવ્રત એ મુનિઓના મૂળગુણો છે. તેનું સ્થાન જીવનના અણુઅણુમાં હોવું ઘટે અને બાકીના ઉત્તરગુણો છે તેનો સંબંધ મૂળગુણની પુષ્ટિ માટે હોય છે.

[૧૨] અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ

મહાવ્રતોને અંગીકાર કરીને તે વિદ્વાન મુનીશ્વર જિનેશ્વરોએ ફરમાવેલા ધર્મમાં ગમન કરે છે.

જિનેશ્વરે ફરમાવેલા ત્યાગમાર્ગમાં ભિક્ષુએ કેમ વર્તવું તે નીચે બતાવે છે:–

[૧૩] ભિક્ષુએ આખા વિશ્વના સમસ્ત જીવો પર દયાનુકંપી અને હિતચિંતક થવું. ભિક્ષુજીવનમાં આવેલું બધું કષ્ટ ક્ષમા રાખી સહેવું. સદા પૂર્ણ બ્રહ્મચારી અને સંયમી જ રહેવું તથા ઇંદ્રિયોને વશ કરી, પાપના યોગ(વ્યાપાર)ને સર્વથા તજી દઈ સમાધિપૂર્વક ભિક્ષુધર્મમાં ગમન કરવું.

[૧૪] જે સમયે જે ક્રિયા કરવાની હોય તે જ કરવી. દેશપ્રદેશમાં વિચરતા રહેવું. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં પોતાની શક્તિ કે અશક્તિનું માપ કાઢી લેવું. કોઈ કઠોર કે અસભ્ય શબ્દો કહે તો સિંહની માફક ડરવું નહિ, કે સામે થઈ અસભ્ય પણ બોલવું નહિ.

નોંધ:—ગમે તે ક્ષેત્રમાં હોવા છતાં સાધુજીવનની દિનચર્યાને યોગ્ય જ કાર્ય કરતાં રહેવું. ભિક્ષા ટાણે સ્વાધ્યાય કરવો અને સ્વાધ્યાયને વખતે સૂઈ જવું એવી અકાળ ક્રિયાઓ ન કરતાં સર્વ સ્થળે વ્યવસ્થિત જ રહેવું.

[૧૫] સંયમીએ પ્રિય કે અપ્રિય જે કંઈ થાય તે તરફ તટસ્થ રહેવું. કષ્ટ આવે તો તેની ઉપેક્ષા કરી બધું સંકટ સહન કરી લેવું. બધું પોતાના કર્મવશાત જ થાય છે. માટે નિરુત્સાહ ન થવું. અને નિંદા થાઓ કે પ્રશંસા થાઓ તે સંબંધમાં કશું લક્ષ્ય આપવું નહિ.

નોંધ:—પૂજાની ઇચ્છા ન રાખવી અને નિન્દાને મનમાં ન લાવવી.

તેનું જ્ઞાનપૂર્વક સમાધાન કરવું; અને મનુષ્ય, પશુ કે દેવોના અતિ અતિ ભયંકર ઉપસર્ગો પણ સહન કરવા.

નોંધ:—અહીં લોકરુચિ અને લોકમાનસને ઓળખવાનું અને સમભાવથી તેનો સમન્વય કરવાનું બતાવી ત્યાગીની ફરજ સમજાવી છે. (એ પ્રમાણે પાલિત નામના મુનિ વિચરતા હતા.)

[૧૭] જ્યારે દુ:ખે કરીને સહી શકાય તેવા પરિષહો (વિવિધ સંકટો) આવે છે ત્યારે કાયર સાધકો શિથિલ થઈ જાય છે. પરંતુ લડાઈને મોખરે રહેલા હાથીની પેઠે તે ભિક્ષુ (પાલિત) જરા પણ ખેદ પામ્યા ન હતા.

[૧૮] તે જ પ્રમાણે આદર્શ સંયમી ઠંડી, તાપ, ડાંસ, મચ્છરના સ્પર્શો કે વિવિધ રોગો જ્યારે શરીરને સ્પર્શે ત્યારે ખેદ કર્યા વિના સહન કરે અને તે બધું પૂર્વે કરેલાં કર્મોનું જ પરિણામ જાણી કષ્ટો સહી કર્મોને ખપાવે.

[૧૯] વિચક્ષણ ભિક્ષુ સતત રાગ, દ્વેષ અને મોહને છોડીને જેમ વાયુથી મેરુ કંપતો નથી તેમ પરિષહોથી કંપે નહિ, પણ પોતાના મનને વશ રાખી તે બધું સમભાવે સહન કરે.

[૨૦] ભિક્ષુએ ન ગર્વિષ્ઠ થવું કે ન કાયર થવું. ન પૂજન ઇચ્છવું કે ન નિન્દા કરવી. પરંતુ સમુદ્રપાલની પેઠે સરલ ભાવ સ્વીકારીને રાગથી વિરક્ત રહી (જ્ઞાન, દર્શન અને ચારિત્ર દ્વારા) નિર્વાણમાર્ગની ઉપાસના કરવી.

[૨૧] (સાધુએ) સંયમને વિષે અણગમો કે અસંયમમાં રાગ ઊપજે તો નિવારવો, સંગથી દૂર રહેવું, આત્મહિતચિંતક થવું; તેમ જ શોક, મમતા અને પરિગ્રહની તૃષ્ણા છેદી, સમાધિવંત થઈ પરમાર્થપદમાં સ્થિર થવું.

[૨૨] આ જ પ્રમાણે સમુદ્રપાલ યોગીશ્વર આત્મરક્ષક અને પ્રાણીરક્ષક બની ઉપલેપ વિનાનાં અને પોતાને ઉદ્દેશીને નહિ

બનાવેલાં એવાં જ એકાંતસ્થાનોમાં વિચરે છે અને વિપુલ યશસ્વી મહર્ષિઓએ જે જે આચરણો આચર્યાં હતાં તેને આચરે છે, તેમ જ આવી પડેલાં અનેક સંકટોને પોતાના શરીર દ્વારા સહી લે છે.

[૨૩] યશસ્વી અને જ્ઞાની એવા સમુદ્રપાલ મહર્ષિ નિરંતર જ્ઞાનમાં આગળ વધ્યા અને ઉત્તમ ધર્મ (સંયમધર્મ)ને આચરીને આખરે કેવળ (સંપૂર્ણ) જ્ઞાનના ધણી થયા. અને જેમ આકાશમાં સૂર્ય શોભે તેમ મહીમંડલમાં આત્મજ્યોતિથી ઓપવા લાગ્યા.

[૨૪] પુણ્ય અને પાપ એમ બન્ને પ્રકારનાં કર્મોને ખપાવીને શરીર-અધ્યાસથી સર્વ પ્રકારે છૂટી ગયા. (શૈલેશી અવસ્થા પામ્યા). અને આ સંસારસમુદ્રની પાર જઈને સમુદ્રપાલ અપુનરાગતિ (અપુનરાગમન) અર્થાત્ સિદ્ધગતિને પામ્યા.

નોંધ:—શૈલેશી અવસ્થા એટલે અડોલ અવસ્થા. જૈનદર્શનમાં આવી સ્થિતિ નિષ્કર્મી યોગીશ્વરની થાય છે. અને આવી ઉચ્ચ દશા પામ્યા પછી તુરત જ તે આત્મસિદ્ધ, બુદ્ધ અને મુક્ત થાય છે.

સરળ ભાવ, તિતિક્ષા, નિરભિમાનિતા, અનાસક્તિ, નિંદા કે પ્રશંસા બન્ને સ્થિતિમાં સમાનતા, પ્રાણીમાત્ર પર સમભાવ. એકાંતવૃત્તિ અને સતત અપ્રમત્તતા, આઠ ગુણો એ ત્યાગધર્મની ઇમારતના પાયા છે. તે પાયા જેટલા પરિપક્વ અને પુષ્ટ તેટલું જ ત્યાગી જીવન ઉચ્ચ અને સુવાસિત. એ સુવાસમાં અનંતભવની વાસનામય દુર્ગંધ નષ્ટ ભ્રષ્ટ થઈ જીવાત્મા ઊંચી ને ઊંચી ભૂમિકામાં જઈ આખરે અંતિમ લક્ષ્યને પામી જાય છે.

એમ કહું છું.

એ પ્રમાણે સમુદ્રપાલીય નામનું એકવીસમું અધ્યયન સમાપ્ત થયું.

[illegible]

[illegible]

૨૨

[illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] છતાં સાચો સન્માર્ગ જ [illegible] છે અને [illegible]માં સહકારી નીવડે છે.

શુદ્ધ ઉપાદાન એટલે આત્માની ઉન્નત દશા. આવી ઉન્નત દશાવાળો આત્મા ભોગોના પ્રબળ પ્રલોભનોમાં પડવા છતાં [illegible] મળે કે સત્વર છટકી જાય છે.

નેમિનાથ કૃષ્ણવાસુદેવના પિત્રાઈ ભાઈ હતા. પૂર્વભવના પ્રબળ પુરુષાર્થથી તેનું ઉપાદાન શુદ્ધ થયું હતું. તેનો અંતરાત્મા સ્ફટિક જેવો ઊજળો હતો. હજુયે તેને ઉન્નત દશામાં જવું હતું. તેથી જ આ ઉત્તમ રાજકુળમાં મનુષ્યભવે તેનું આગમન થયું હતું.

ભરયૌવન, સર્વાંગ સૌમ્ય શરીર, વિપુલ સમૃદ્ધિ પામ્યા છતાં તેનું મન તેમાં રાચતું ન હતું. પરંતુ કૃષ્ણમહારાજના અતિ આગ્રહવશાત્ તેમનું સગપણ ઉગ્રસેન મહારાજની રંભા સમાન સ્વરૂપવતી પુત્રી રાજીમતી સાથે થયેલું.

ભરપૂર ઠાઠમાઠથી આખા યાદવકુળ સાથે તે કુમાર પરણવા ચાલ્યા. રસ્તામાં બાંધેલાં પશુઓના પોકાર [illegible] સારથિને પૂછ્યું કે આ બિચારાં શા સારુ પીડાય છે? સ[illegible]

કહ્યું:– પ્રભુ! એ તો આપના લગ્નમાં આવેલા મિજમાનોના ભોજન માટે બાંધી રાખ્યાં છે.

મારા લગ્ન નિમિત્તે આ ઘોર હિંસા! તેઓને ટકોરો બસ છે. તે જ વખતે દયાના ઝરાં ઊભરાઈ ગયા. એ રાજકુમાર પરણ્યા વિના ફેર પાછા વળ્યા અને આખરે યુવાન વયમાં રાજપાટ અને ભોગવિલાસ એ બધું તજી મહાત્યાગી થયા

સાત્ત્વિક વિચાર જીવનના કેવા પલટા કરી મૂકે છે! જાગ્રત થયેલો આત્મા શું નથી કરી શકતો!

ભગવાન બોલ્યા:—

[૧] પૂર્વે શૌર્યપુર (સોરીપુર) નામના નગરમાં રાજલક્ષણોથી યુક્ત અને મહાન ઋદ્ધિમાન એક વસુદેવ નામના રાજા થઈ ગયા હતા.

નોંધ:—આ પ્રારંભમાં વસુદેવ રાજગાદી પર આવ્યા ન હતા અર્થાત્ યુવરાજ હતા.

[૨] તેને દેવકી અને રોહિણી નામની બે સ્ત્રીઓ હતી અને તે પૈકી રોહિણીને બલભદ્ર (બલદેવ) અને દેવકીને કૃષ્ણવાસુદેવ એવા બે મનોહર કુમારો હતા.

[૩] તે જ શૌર્યપુર નગરમાં બીજા પણ એક મહાન ઋદ્ધિમાન અને રાજલક્ષણોથી યુક્ત એવા સમુદ્રવિજય નામે રાજા હતા.

[૪] તેમને શિવા નામે પત્ની હતાં. અને તેની કૂખેથી જન્મેલો એક મહાયશસ્વી આખા લોકનો નાથ અને ઇંદ્રિયોને દમન કરનારાઓમાં શ્રેષ્ઠ એવો અરિષ્ટનેમિ નામનો ભાગ્યવંત પુત્ર હતો.

[૫] તે અરિષ્ટનેમિ શૌર્ય, ગાંભીર્ય આદિ ગુણોથી તેમ જ સુસ્વરથી યુક્ત અને (સાથિયા, શંખ, ચક્ર અને ગદા વગેરે) એક

[૯] નેમિરાજને ઉચિત વિધિએ ઉત્તમ પ્રકારની ઔષધિઓથી સ્નાન કરાવ્યું અને કરેલાં મંગલ કાર્યો સાથે કપાળમાં મંગળ તિલક પણ કરાવ્યું. ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો પહેરાવ્યાં અને તેમને હાર વગેરે ઉત્તમ પ્રકારના અલંકારોથી વિભૂષિત કર્યા.

[૧૦] વાસુદેવ રાજાના (૪૨ લાખ હાથીઓમાં) સૌથી મોટા શ્રેષ્ઠતમ ગંધહસ્તી પર તે આરૂઢ થયા, અને જેમ મસ્તક પર ચૂડામણિ શોભે તેમ શોભવા લાગ્યા.

[૧૧] તેના ઉપર ઉત્તમ છત્ર અને બે ચામરો ઢોળાઈ રહ્યાં હતાં. અને તે દશ દશાર્હ વગેરે સર્વ યાદવોના પરિવારથી ચારે બાજુ વીંટળાઈ રહ્યા હતા.

[૧૨] તેની સાથે હસ્તી, ઘોડા, રથ અને પાયદળ એમ ચાર પ્રકારની સુવ્યવસ્થિત ચતુરંગી સેના હતી. અને તે સમયે ભિન્નભિન્ન વાજિંત્રોના દિવ્ય અને ગગનસ્પર્શી અવાજે આકાશ ગજવી મૂક્યું હતું.

[૧૩] આવી સર્વોત્તમ સમૃદ્ધિ અને શરીરની ઉત્તમ કાન્તિથી શોભતા તે યાદવકુળના આભૂષણરૂપ નેમીશ્વર પોતાના ભુવનથી (પરણવા માટે) બહાર નીકળ્યા.

[૧૪] પોતાના શ્વશુરગૃહે લગ્નમંડપમાં પહોંચે તે પહેલાં જ રસ્તામાં જતાં જતાં વાડામાં અને પાંજરાઓમાં પૂરાયેલાં, દુઃખિત અને મરણના ભયથી ત્રાસ પામેલાં પ્રાણીઓને તેમણે નજરોનજર જોયાં.

નોંધ :—આ પ્રાણીઓ લગ્નનિમિત્તે ભોજન માટે રાખવામાં આવ્યાં હતાં, કારણ કે તે વખતે કેટલાક ક્ષત્રિય રાજાઓ કે જે જૈનધર્મને પામી શક્યા ન હતા તે આવી અનર્થ હિંસાઓ કરતા હતા.

] માંસભક્ષણ કરવા માટે રોકેલાં અને તેથી મૃત્યુની સમીપ પહોંચેલાં એવાં પ્રાણીઓને જોઈને તે બુદ્ધિમાન નેમિનાથ સારથિને સંબોધીને આ પ્રમાણે બોલ્યા :—

[૧૬] સુખનાં ઇચ્છુક એવાં આ પ્રાણીઓને શા સારુ વાડ અને આ પાંજરાઓમાં રુંધી રાખ્યાં હશે ?

[૧૭] આ સાંભળીને સારથિએ કહ્યું :—એ બધા નિર્દોષ ? આપના જ આ વિવાહકાર્યમાં આવેલા લોકોને જમાડવા અહીં ગોંધી રાખ્યા છે.

[૧૮] "તમારા લગ્ન નિમિત્તે ઘણા જીવોનો વિનાશ !" આ વ સાંભળીને સર્વ જીવો પર અનુકંપા ધરાવનાર બુદ્ધિ નેમિરાજા ખૂબ જ વિચારમાં પડી ગયા.

[૧૯] જો મારા જ કારણથી આવા અસંખ્ય નિર્દોષ જીવો હ જતા હોય તો તે વસ્તુ મારે માટે આ લોક કે પર ઉભયમાં લેશમાત્ર કલ્યાણકારી નથી.

નોંધ :—અનુકંપાગ્નિના દિવ્યપ્રભાવે તેના હૃદયને હલમલાવી મૂ પ્રથમ તેણે વિચાર્યું કે લગ્નક્રિયા જેવી સામાન્ય ક્રિયામાં પણ આવી હિંસા લેશ રસાસ્વાદમાં આટલો અનર્થ ! સંસારના પામર જીવો અન્યનાં દુઃખ પારખવાની લાગણી સાવ ખોઈ બેઠા હશે ? આવો સાગ વિચાર પણ તેમને કેમ સ્ફુરતો નહિ હોય ? ખરેખર, જ્યાં તે દષ્ટિ જ ત્યાં વિચાર શાના હોય ? જ્યાં અંધ અનુકરણ છે ત્યાં વિવેક ક્યાંથી જ આવા અનર્થ સંયોગોથી શો લાભ ? આવા સંબંધોમાં પતન સિવાય ઉ ક્યાં હતી ? આવા ગંભીર ચિંતનના પરિણામે તેને તીવ્ર નિર્વેદ થ સંસારની આસક્તિ ઊડી ગઈ. રમણીનાં કોમળ પ્રલોભનનો લેપ તેને લોભા ન શક્યો.

[૨૦] તુરત જ તે યશસ્વી નેમિનાથે પોતાના કાનનાં યુગલ (બન્ને) કુંડલ, લગ્નનું ચિહ્નભૂત સૂત્ર તથા બધાં આભરણો સારથિને અર્પણ કર્યાં અને ત્યાંથી જ પાછા વળી ગયા.

નોંધ :—ઐતિહાસિક નોંધ મળે છે કે નેમિનાથ તે જ સમયે આગળ ન વધતાં ઘર તરફ પાછા વળ્યા. એકાએક આવી બનેલા પરિવર્તને તેમનાં સ્નેહીજનોને અત્યંત ખેદ ઉપજાવ્યો. પછી તો બહુ બહુ કહેવા છતાં પણ ન

વધ્યાં અને વૈરાગ્ય પ્રબળ જ થતો ગયો. વરસીદાન (પ્રત્યેક તીર્થંકરો દીક્ષા લીધા પહેલાં એક વર્ષ સુધી મહામૂલાં દાન કરે છે તે) દઈ આખરે એ હજાર સાધકો સાથે દીક્ષિત થયા.

[૨૧] નેમિનાથે ઘેર આવી જેવું ચારિત્ર લેવાનું મન કર્યું કે તે વખતે તેમના પૂર્વ પ્રભાવથી પ્રેરાઈ દિવ્ય ઋદ્ધિ અને ગો પરિષદ સાથે ઘણા (લોકાંતિક) દેવો ત્યાં ભગવાન નિષ્ક્રમણ કરાવવા માટે મનુષ્યલોકમાં ઊતર્યા.

નોંધ:—નેમિનાથ એ જૈનશાસનના ૨૪ તીર્થંકરો (સર્વ ભગવાનો) પૈકીના બાવીસમા તીર્થંકર હતા. ઘણા ભવોના તીવ્રતર પુરુ પછી જ તીર્થંકર પદ પ્રાપ્ત થાય છે. જે સમયે તીર્થંકર દેવ અભિનિષ્ક્ર કરે છે તે વખતે દેવગતિમાંના જે પ્રશસ્ત દેવો ત્યાં આકર્ષાય છે તે લોકાં દેવો તરીકે ઓળખાય છે.

[૨૨] આવી રીતે અનેક દેવો અને અનેક મનુષ્યના પરિવા વીંટાયેલા તે નેમીશ્વર રત્નની પાલખી પર આરૂઢ ર અને દ્વારકા (તેમના નિવાસસ્થાન) નગરીથી ની રૈવતક (ગિરનાર) પર્વતમાં આવેલા ઉદ્યાનમાં ગયા.

[૨૩] ઉદ્યાને પહોંચ્યા પછી તુરત જ દેવે બનાવેલી ઉત્તમ પાલ માંથી ઊતરી પડ્યા. અને એક હજાર સાધકોની સાથે ચિત્રાનક્ષત્રમાં ત્યાં પ્રવ્રજ્યા સ્વીકારી લીધી.

નોંધ :—શ્રીકૃષ્ણના આઠ પુત્રો, બળદેવના ૭૨ પુત્રો, શ્રી ૫૬૩ ભાઈઓ, ઉગ્રસેન રાજાના આઠ પુત્રો, નેમનાથના ૨૮ ભ દેવસેનમુનિ વગેરે ૧૦૦ અને ૨૧૦ યાદવપુત્રો તથા આઠ મોટા ર એક અક્ષોભ, બીજો તેનો પુત્ર અને ત્રીજા વરદત્ત એમ બધા મળી એ એક હજાર પુરુષ સાથે ચિત્રાનક્ષત્રમાં ઘેરથી નેમિનાથ નીકળ્યા હતા.

ણ વાસુદેવે મુંડિત અને જિતેન્દ્રિય રાજીમતીને કહ્યું કે
ન્યા! આ ભયંકર એવા સંસારસાગરને અતિ ત્વરાથી
રી જજે.

ણ બ્રહ્મચારિણી અને વિદુષી રાજમતી દીક્ષિત થઈ ત્યારે
તેણે સાથે ઘણી સાહેલીઓને અને સેવિકાઓને [illegible]
[illegible] કરી હતી.

એકદા ગિરનાર પર્વતમાં જતાં જતાં માર્ગમાં અકાળે વૃષ્ટિ
થવાથી રાજમતીનાં બધાં વસ્ત્રો ભીંજાયાં. અને અંધકાર થવાથી
એક પાસેની ગુફામાં જઈને ઊભાં રહ્યાં.

નોંધ :—અકસ્માત્ જે ગુફામાં રાજમતી આવ્યાં હતાં તે જ ગુફામાં
[illegible]
[illegible] ધ્યાન ધરી ઊભા હતા.

ગુફામાં કોઈ નથી તેમ અંધારામાં અનુમાનથી રાજમતી આપ
નગ્ન થઈ પોતાનાં ભીંજાયેલાં વસ્ત્રો મોકળાં કરવા લાગ્યાં.
આ દૃશ્યથી રથનેમિ ભગ્નચિત્ત (વિષયાતુર) થઈ ગયા.
તેવામાં જ એકાએક રાજમતીએ પણ તેમને દીઠા.

નોંધ :—એકાંત [illegible]
[illegible]
[illegible]
[illegible]

૫) (રથનેમિને જોતાંવાર જ) એકાંતમાં તે સંયમીને જોઈને
રાજમતી ભયભીત બની ગઈ. (એકાંતમાં મુનિ આગળ નગ્ન
બની જવાયું એ) ભયથી કંપવા લાગી. અને પોતાના બન્ને
હાથથી ગોપન કરી બેસી ગઈ.

નોંધ :—બન્ને દૂર ખૂણામાં ઊભાં હતાં. સ્થાન એકાંત હતું. અજવાળા-
[illegible] અને બન્નેની યુવાવસ્થાનું ઉદ્દ [illegible] હતું. આ પ્રસંગે તેનું

[illegible]

[૩૬] [illegible]

[૩૭] હે ભદ્રે! હું રથનેમિ છું. હે સુતનુ! હે મંજુલ ભાષિણિ મારો [illegible] તને દુઃખ નહિ થાય. હે કોમલાંગિ મને સેવો.

[૩૮] આ મનુષ્યભવ દુર્લભ છે. માટે ચાલો, આપણે ભોગે ભોગવીએ. તેમાંથી તૃપ્તિ મેળવ્યા પછી ભુક્ત-ભોગી આપણે બન્ને જિનમાર્ગને આદરીશું. (સંયમ ગ્ર કરીશું).

[૩૯] આવી રીતે સંયમમાં કાયર અને વિકાર જીતવાના ઉદ્યો સાવ પરાભવ પામેલા તે રથનેમિને જોઈને રાજીમતી સ્વ થયાં. સ્ત્રીશક્તિથી પોતાના આત્માને ઉન્નત બનાવી તે વખતે પોતાનાં વસ્ત્રોને લઈ શરીર આચ્છાદિત કર્યું.

[૪૦] પોતાની પ્રતિજ્ઞા અને વ્રતમાં દૃઢ થતાં અને પોતાની જા કુળ અને શીયળનું રક્ષણ કરતાં તે રાજકન્યા રથનેિ ઉદ્દેશી આ પ્રમાણે બોલ્યાં :—

[૪૧ अ] કદાચ તું રૂપમાં સાક્ષાત કામદેવ હો, લીલામાં સાક્ષ નળકૂબર હો કે પ્રત્યક્ષ શક્રેન્દ્ર હો, તોપણ હું તને ન ઇચ્

[૪૧ ब] અગંધન કુળમાં ઉત્પન્ન થયેલા સર્પો ઝળહળતા અગ્નિ બળી મરવું પસંદ કરે છે, પણ વમેલું વિષ ફરીથી પીવા ઇચ્છતા નથી.

[૪૨] અપયશના અભિલાષિન્! તને ધિક્કાર હો! કે જે તું વાર નામય જીવન માટે વમેલા ભોગોને ભોગવવા ઇચ્છે છે. એ પતિત જીવન કરતાં તારું મૃત્યુ વધારે ઉત્તમ છે.

[૪૩] હું ભોજકવિષ્ણુની પૌત્રી અને ઉગ્રસેન મહારાજાની પુત્રી છું. અને તું અંધકવિષ્ણુનો પૌત્ર અને સમુદ્રવિજય મહારાજાનો પુત્ર છે. રખે આપણે ગંધનકુળના સર્પ જેવા થઈએ ! ઓ સંયમીશ્વર ! નિશ્ચલ થઈ સંયમમાં સ્થિર થા.

નોંધ :—શ્રી હરિભદ્રસૂરિના કથન પ્રમાણે પ્રો. હર્મન જેકોબી પોતાની પ્રસ્તાવનામાં લખે છે કે ભોગરાજ એ અશુદ્ધ રૂપ છે. પરંતુ તેને બદલે ભોજરાજ જોઈએ. આ ભોજરાજનું અપર નામ જ ઉગ્રસેન છે અને અંધકવિષ્ણુનું અપર નામ જ સમુદ્રવિજય છે. આથી તે બન્ને વ્યક્તિઓ ભિન્નભિન્ન નથી પણ એક જ છે.

] હે મુનિ ! જે જે સ્ત્રીઓને જોઈશ અને તે સ્ત્રીઓને જોયા પછી જો આમ કામભોગોની વાંચ્છના રાખ્યા કરીશ તો સમુદ્રકિનારે હડ નામનું વૃક્ષ જેમ પવનથી ઊખડી જાય છે. તેમ તારો આત્મા ઉચ્ચ ભૂમિકાથી પતિત થશે.

ગ] જેમ ગોવાળ ગાયોને હાંકવા છતાં ગાયોનો ધણી નથી પણ લાકડીનો ધણી છે અને ભંડારી દ્રવ્યનો ધણી નહિ પણ ચાવીનો ધણી છે, તેમ તું પણ જો વિષયાભિલાષી રહીશ તો સંયમ પાળવા છતાં ચારિત્રનો ધણી નહિ પણ વેષનો જ માત્ર ધણી રહીશ.

વ] માટે હે રથનેમિ ! ક્રોધ, માન, માયા અને લોભને દબાવી તારી પાંચે ઇંદ્રિયોને વશ કરીને તારા આત્માને કામભોગો-માંથી પાછો વાળ.

૬] બ્રહ્મચારિણી અને સાધ્વીનાં આ આત્મસ્પર્શી અને સચોટ વચનોને સાંભળી જેમ અંકુશ વડે મદોન્મત્ત હાથી વશ થાય તેમ રથનેમિ શીઘ્ર વશ થયા અને સંયમધર્મમાં બરાબર સ્થિર થયા.

નોંધ :—ત્યાં હાથીરૂપ રથનેમિ, માવતરૂપ રાજીમતી અને અંકુશરૂપ

[illegible] ચારિત્ર [illegible]

[illegible] આત્મજિતનાં આ [illegible] સુધી રહ્યાં છે.

[૪૭] રથનેમિ આત્માના મન, વચન અને કાયાના સુસંયમી અને જિતેન્દ્રિય (જિતેન્દ્રિય) બની ગયા. તથા જીવનપર્યંત પોતાના [illegible] દૃઢ રહ્યા અને ચારિત્રને મરણાંત સુધી અડગ નિભાવી રાખ્યું.

નોંધ:—રાજમતીના વચનના પ્રભાવે તેનાં રોમરોમમાં વાસ કર્યો. તે યોગી ફરી ન પડે તેવા મેરુ સમાન નિષ્કંપાયમાન રહ્યા.

[૪૮] એ પ્રમાણે આખરે ઉગ્ર તપશ્ચર્યા કરીને એ બન્ને (રાજીમતી અને રથનેમિ) કેવળી (કેવળજ્ઞાનધારી) થયા અને સર્વ કર્મોનાં બંધન દૂર કરી ઉત્તમ એવી સિદ્ધગતિને પામ્યા.

[૪૯] જેમ તે પુરુષશ્રેષ્ઠ રથનેમિએ વિષયભોગથી મનને શીઘ્ર હઠાવી લીધું તેમ વિચક્ષણ અને તત્ત્વજ્ઞ પુરુષો પણ વિષયભોગોથી નિવૃત્ત થઈ પરમ પુરુષાર્થ કરે.

નોંધ:—સ્ત્રીશક્તિ કોમળ છે. તેની ગતિ મંદ છે. તેનું ઐશ્વર્ય ભયથી વીંટાયેલું છે. સ્ત્રીશક્તિનો સૂર્ય લજ્જાનાં વાદળોથી ઘેરાયેલો છે.

પણ તે ક્યાં સુધી? સમય ન આવે ત્યાં સુધી.

સમય આવે ત્યારે લજ્જાનાં વાદળાં વીખરાઈ જાય છે. કોમળતા પ્રચંડતામાં પલટાઈ જાય છે અને તે તેજસ્વી સૂર્ય ઝળહળી ઊઠે છે. ત્યાં જગતનું સર્વ બળ પરાસ્ત થાય છે, પુરુષશક્તિનો આવેશ પૂરો થઈ ઓસરી જાય છે, અને આખરે એ શક્તિનો વિજય થાય છે.

રથનેમિ પૂર્વના યોગીશ્વર હતા: આત્મધ્યાનમાં મસ્ત રહેનારા હતા. પરંતુ વિકારનાં બીજ બાળવા માટે તો તેટલો અને તેવો પ્રયત્ન અપર્યાપ્ત હતો તેથી જ તેમ બનવા પામ્યું હતું.

[illegible]

[illegible]

[illegible]

[illegible] ૨૬ મું.

[illegible]

કેશિગૌતમીય

કેશીમુનિ તથા ગૌતમનો સંવાદ

૨૩

પાંચ મહાવ્રતો એ મૂળગુણ કહેવાય છે. તે જ આત્મોન્નતિના સાચાં સાધન છે. બાકીની ઇતર ક્રિયાઓ ઉત્તરગુણો કહેવાય છે. અને તે મૂળગુણની પુષ્ટિ માટે યોજાયેલી છે.

મૂળ ધ્યેય કર્મબંધનથી મુક્ત થવું કે મુક્તિ મેળવવી તે છે. અને તે માર્ગે જવાનાં મૂળભૂત તત્ત્વોનો કોઈ પણ કાળે, કોઈ પણ સમયે, કોઈ પણ સ્થિતિમાં પલટો થઈ શકે નહિ. તે સત્ય તો ત્રિકાલાબાધિત હોય છે. તેને કોઈ પણ પલટાવી શકે જ નહિ.

પરંતુ ઉત્તરગુણો અને ક્રિયાનાં વિધિવિધાનોમાં કાળ કે સમય પ્રમાણે પલટા થયા છે, થાય છે અને થવાના. સમયધર્મનો સાદ સાંભળ્યા વિના ગતિ કર્યા કરવામાં ભય અને હાનિ રહેલાં છે. સમયધર્મને ઓળખી સરળ માર્ગથી કેવળ આત્મલક્ષ્ય રાખી ચાલવામાં સત્યની, ધર્મની અને શાસનની રક્ષા સમાયેલી છે.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીરના સમયની આ વાત છે. ભગવાન મહાવીરે સમયધર્મને ઓળખી સાધુજીવનની ચર્યામાં મહાન પલટો કર્યો હતો. પૂર્વથી ચાલી આવતી પાર્શ્વનાથની પરંપરા કરતાં [illegible]

અને કડક વિધિવિધાનો સ્થાપી જૈન શાસનનો પુનરુદ્ધાર કર્યો હતો. સમયધર્મને ઓળખવાથી જૈનશાસનની ધર્મધ્વજા તે સમયના વેદ અને બૌદ્ધ શાસનના શિર પર ફરકવા લાગી હતી.

ભગવાન પાર્શ્વનાથની પરંપરાને માનતા કેશી શ્રમણ સપરિવાર વિહરતા વિહરતા શ્રાવસ્તીમાં પધારેલા. તેજ વખતે ભગવાન મહાવીરના ગણધર ગૌતમ પણ સપરિવાર ત્યાં પધાર્યા. બન્ને સમુદાયો મળ્યા. પરસ્પરના શિષ્યોને ધર્મ એક અને ક્રિયા ભિન્ન જોઈ આશ્ચર્ય થયું. શિષ્યોની શંકા નિવારવા બન્ને ઋષિપુંગવો મળ્યા, ભેટ્યા, વિચારોનો સમન્વય કર્યો અને આખરે ત્યાં પણ કેશી મુનીશ્વરે સમયધર્મને સ્વીકારી લીધો અને ભગવાન મહાવીરની પરંપરામાં જૈનશાસનનો જયજયકાર બોલાવ્યો.

ભગવાન બોલ્યા :—

[૧] સર્વજ્ઞ (સર્વ પદાર્થો અને તત્ત્વોના સંપૂર્ણ જ્ઞાતા), સદ્-ધર્મરૂપ તીર્થના સ્થાપક અને આખા લોકના પૂજનીય એવા પાર્શ્વનામે અર્હન્ જિનેશ્વર થઈ ગયા હતા.

નોંધ :—આ વાર્તા પ્રસંગે ભગવાન મહાવીરનું શાસન પ્રવર્તતું હતું. મહાવીર પહેલાં ત્રેવીશ તીર્થંકરો ધર્મના પુનરુદ્ધારક પુરુષો થઈ ગયા. તે પૈકી ત્રેવીશમા પ્રભુ પાર્શ્વ થયા હતા. પાર્શ્વપ્રભુનો આત્મા તો સિદ્ધ થયો હતો. આ વખતે માત્ર તેમનાં દિવ્ય આંદોલનો અને તેમનું અનુયાયીમંડળ અહીં હસ્તી ધરાવતું હતું.

[૨] લોકાલોકની સર્વ વસ્તુ પર જ્ઞાનપ્રદીપ (જ્યોતિ)ના પ્રકાશનાર તે મહાપ્રભુના શિષ્ય મહા યશસ્વી અને જ્ઞાન તેમ જ ચારિત્રના પારગામી એવા કેશીકુમાર નામના શ્રમણ તે સમયે વિદ્યમાન હતા.

[૩] તે કેશીકુમાર મુનિ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન એ

શિષ્ય જ્ઞાન તથા ચારિત્રના પારગામી એવા મહા યશસ્વી ગૌતમ હતા.

[૭] બાર અંગોના પ્રખર જ્ઞાતા તે ગૌતમ પ્રભુ પણ બહોળા શિષ્ય-સમુદાય સાથે ગામેગામ વિચરતા વિચરતા શ્રાવસ્તી નગરી-માં પધાર્યા.

નોંધ:—યદ્યપિ તે બાર અંગોમાંનાં અગિયાર વિદ્યમાન છે અને એક દૃષ્ટિવાદ નામનું અંગ ઉપલબ્ધ થતું નથી. તે અંગોમાં પૂર્વ તીર્થંકરોનાં અને ભગવાન મહાવીરનાં અનુભવી વચનામૃતો છે.

[૮] તે નગર મંડળની સમીપ એક કોષ્ટક નામનું ઉદ્યાન હતું. ત્યાં વિશુદ્ધ સ્થાન અને તૃણાદિની અચિત્ત શય્યા માગી નિવાસ કર્યો.

[૯] એ પ્રમાણે આવસ્તી નગરીમાં કુમાર શ્રમણ કેશી મુનિ અને મહાયશસ્વી ગૌતમ મુનિ એ બન્ને ત્યાં સુખપૂર્વક અને ધ્યાનમગ્ન સમાધિપૂર્વક રહેતા હતા.

નોંધ:—તે સમયે ગામની બહારના સ્થાનોમાં ત્યાગી પુરુષો નિવાસ કરતા. ગામમાં જઈ ભિક્ષા માગી સંયમી જીવન ગુજારતા.

[૧૦] એકદા (ભિક્ષાચરી કરવા નીકળેલા) તે બન્નેના શિષ્ય-સમુદાય કે જે પૂર્ણ સંયમી, તપસ્વી, ગુણી અને છકાયરક્ષક (પૂર્ણ અહિંસક) હતા, તેમને પરસ્પરના એક જ માર્ગ હોવા છતાં વેશ અને બાહ્ય ક્રિયા ભિન્ન જોવાથી પરસ્પર વિચાર ઉદ્ભવ્યો.

[૧૧] આ ધર્મ વળી કેવો? અને અમે પાળીએ છીએ તે ધર્મ કેવો? આ આચારધર્મની ક્રિયા કેવી અને અમે પાળીએ છીએ તે કેવી?

નોંધ—ભગવાન પાર્શ્વનાથનો કાળ ઋજુ અને પ્રાજ્ઞ કાળ હતો. તે [illegible]ઓ સરળ અને બુદ્ધિમાન હતાં અને તેથી તે પ્રકારની ધર્મ-

સમુદાય સહિત પરસ્પર સમાગમ કરવાની ઇચ્છા વ્યક્ત કરી.

નોંધ :—ગૌતમ કેશી મુનિ કરતાં વયે નાના હતા, પરંતુ જ્ઞાનમાં મોટા હતા. તે સમયે ગૌતમ મુનિને ચાર જ્ઞાન હતાં : (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યાયજ્ઞાન.

[૧૫] વિનય, ભક્તિ તથા વ્યવહારના જાણકાર ગૌતમસ્વામી શિષ્યસમુદાય સાથે કેશી મુનિ (પાર્શ્વનાથના અનુયાયી છે માટે)નું વડીલ કુળ જાણી તેમની પાસે તિન્દુક વનમાં પોતે જાતે આવ્યા.

નોંધ :—ભગવાન પાર્શ્વનાથ, ભગવાન મહાવીર પહેલાં થયા છે માટે તેમના અનુયાયી પણ વડીલ ગણાય. તે વિનય જાળવવા પોતે જ્ઞાની હોવા છતાં ત્યાં પધાર્યા. આ જ નમ્રતા અને જ્ઞાનપ્રાપ્તિનું ચિહ્ન છે.

[૧૬] શિષ્યસમુદાય સાથે ગૌતમસ્વામીને સ્વયં આવતા જોઈને કેશીકુમાર હર્ષઘેલા થઈ ગયા અને તેમનું આતિથ્ય સુંદર રીતે કરવા લાગ્યા.

નોંધ :—પ્રેમ અને સમાચારી ભિન્ન છતાં સંભોગ-વ્યાવહારિક વ્યવહારનાં બંધન ત્યાં નડતાં નહિ. જ્યાં વિશુદ્ધ પ્રેમ ઉત્પન્ન હોય અને સંપ્રદાયનો કદાગ્રહ ન હોય ત્યાં તેવું વિખવાદનું હોય જ શાનું ? વાહ ! તે દૃશ્ય કેવું આદર્શ ! આવા સંતસમાગમની એક જ ઝાંખી જગતનાં પાપને નષ્ટ કરી નાખે છે.

[૧૭] કેશીકુમાર શ્રમણ ગૌતમ ભગવાનને આવતા દેખી ઉત્સાહથી તેમને અનુરૂપ અને પ્રાસુક (ડાંગરહિત શાલિનું, વ્રીહિનું, કોદરીનું અને રાળ નામે વનસ્પતિનું એમ) ચાર જાતનાં પરાળ (ઘાસ) અને પાંચમું ડાભ અને તૃણનાં આસનો લઈ લઈને કેશી મુનિ તથા તેમનો શિષ્યસમુદાય ગૌતમ મુનિ અને તેમના શિષ્યસમુદાયને તે પર બેસાડે છે.

[૧૮] તે વખતનું દૃશ્ય અનુપમ લાગતું હતું. કુમાર કેશીશ્રમણ અને મહા યશસ્વી ગૌતમ મુનિ બન્ને જણ ત્યાં બેઠા બેઠા

આપની બુદ્ધિ સુંદર છે. અમારા સંશયનું સમાધાન થઈ ગયું. બીજો પણ સંશય (પ્રશ્ન) રજુ કરું છું. હે ગૌતમ! તેનું સમાધાન કરો.

[૨૯] હે મહામુનિ! અચેલકતાને પ્રમાણપૂર્વક અને શુદ્ધ વસ્ત્ર વાપરવાનો ધર્મ શ્રી ભગવાન મહાવીરે કહ્યો છે. અને પાર્શ્વનાથે તો વિવિધ રંગવાળાં વસ્ત્રો વાપરવાની પણ છૂટ આપી સાધુધર્મ ફરમાવ્યો છે.

નોંધ:—અચેલકનો અર્થ કેટલાક અવસ્ત્ર કરે છે. જોકે સામાન્ય રીતે આપણે નગ્ન રહેવાનો અર્થ વસ્ત્રરહિત ગણીએ છીએ. એ દૃષ્ટિબિંદુએ તેમ થઈ શકે, પરંતુ તે કાળમાં પણ આખો સમુદાય નિર્વસ્ત્ર ન રહેતો. કેટલાક વસ્ત્રરહિત રહેતા અને કેટલાક વસ્ત્રસહિત રહેતા. કારણ કે વસ્ત્ર વાપરવા કરતાં તેની મૂર્છા પર ભગવાન મહાવીરે ખૂબ ભાર આપ્યો છે. એટલે આ સ્થળે નગ્ન રહેવાના જ અર્થો કરતાં અલ્પનો ઉપયોગ કરવો તે વધુ સંગત લાગે છે.

[૩૦] તે બન્ને એક જ ધ્યેયમાં જોડાયેલા હોવા છતાં આ પ્રમાણે દેખીતું બન્ને પ્રકારનાં વેશચિહ્નો ધારણ કરવાનું અંતર કેમ રાખ્યું હશે? હે બુદ્ધિમન! આપને અહીં સંશય થતો નથી?

[૩૧] આ પ્રમાણે બોલતા કેશી મુનિને ઉદ્દેશીને ગૌતમ આ પ્રમાણે બોલ્યા:—ખૂબ વિજ્ઞાનપૂર્વક સમય અને સાધુઓનાં માનસ જોઈને તે મહાપુરુષોએ આ પ્રમાણે ભિન્નભિન્ન ધર્મસાધનો રાખવાનું વિધાન કરેલું છે.

નોંધ:—ભગવાન પાર્શ્વનાથના શિષ્યો સરલ અને બુદ્ધિમાન હતા તેથી તે વિવિધ વસ્ત્રો પણ શરીરના આચ્છાદન માટે છે, વિભૂષા અર્થે નથી તેમ માની અનાસક્ત ભાવે ઉપયોગ કરી શકતા હતા. પરંતુ ભગવાન મહાવીરે જોયું કે આ કાર્યમાં પુષ્કળ નિમિત્તો મળવા છતાં આસક્તિ ન થવી તે અતિ અતિ કઠણ વસ્તુ છે. માટે જ પ્રમાણપૂર્વક અને સાદો વેશ રાખવા માટે ફરમાવ્યું. અર્થાત્ એ બધુંયે મહાપુરુષોએ વિચારપૂર્વક જ અવસર જોઈને કર્યું છે.

…ાવો સાદો વેશ રાખવાનું કારણ:—(૧) લોકમાં ભિન્નભિન્ન …કારના વિકલ્પો અને વેશો પ્રવર્તી રહ્યા છે, તેમાં આ વેશ પરથી લોકોને પ્રતીતિ થાય કે આ જૈન સાધુ છે. (૨) "હું સાધુ છું" તેવું પોતાને વેશથી ધ્યાન રહે માટે. (૩) સંયમનો નિર્વાહ તે દ્વારા થાય. એવાં કારણોથી જ લોકમાં વેશ ધારણ કરવાનું પ્રયોજન છે.

નોંધ:—વેશ એ કંઈ સાધ્ય નથી, માત્ર બાહ્ય સાધન છે. તે બાહ્ય …ધન આંતરિક સાધનની પુષ્ટિમાં અને આત્મવિકાસમાં મદદરૂપ થાય તેટલા …રતું તેનું પ્રયોજન છે.

[૩૩] વળી સાધુનો વેશ તો દુરાચાર ન થવા પામે તેવી સતત જાગૃતિ રાખવા માટે માત્ર વ્યવહારનયથી સાધન છે. નિશ્ચયનયે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ જ મોક્ષનાં સાધન છે. આ વાસ્તવિક સાધનોમાં તો ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર બન્ને મળતા જ છે. (મૌલિકતામાં લેશમાત્ર ભેદ નથી.)

નોંધ:—વેશ ભલે ભિન્ન હોય, પરંતુ તત્ત્વમાં ભેદ કશો છે જ નહિ, ભિન્ન વેશ રાખવાનું પણ ઉપર કહ્યું તે જ પ્રયોજન છે.

[૩૪] કેશીસ્વામીએ કહ્યું:—હે ગૌતમ! તમારી બુદ્ધિ ઉત્તમ છે (તમો બહુ સમન્વય કરી શકો છો), તમે મારો સંશય દૂર કર્યો છે. હવે એક બીજો સંશય (પ્રશ્ન) કરું છું તેનું હે ગૌતમ! તમે સમાધાન કરો.

[૩૫] હે ગૌતમ! હજારો વૈરીની વચ્ચે તમે વસી રહ્યા છો, વળી તે તમારી સામે ઝઝૂમી રહ્યા છે. છતાં તે બધાને તમે શી રીતે જીતી શકો છો?

[૩૬] (ગૌતમે કહ્યું:–) હું માત્ર એક (આત્મા)ને જીતવા સતત પ્રયત્ન કરું છું. કારણ કે તે એકને …તાથી પાંચ અને

[illegible]

[૫૧] [illegible] અગ્નિ મને લેશમાત્ર બાળી શકતો નથી.

[૫૨] કેશી મુનિએ ગૌતમને પૂછ્યું : તે અગ્નિ કયો? તે મને કહેશો? આ પ્રમાણે કેશી મુનિને બોલતા સાંભળી ગૌતમે પ્રત્યુત્તર આપતાં કહ્યું :—

[૫૩] કષાયો એ જ અગ્નિ છે (કે જે શરીર, મન અને આત્માને સતત બાળી રહી છે.) અને (તીર્થંકરરૂપી મહામેઘથી વરસેલી) જ્ઞાન, આચાર અને તપશ્ચર્યારૂપી જળની ધારાઓ છે. સત્યજ્ઞાનની ધારાઓથી હણાયેલી તે કષાયરૂપ અગ્નિ સાવ ઠરી જાય છે. મને (મારા આત્માને) લેશમાત્ર બાળી શકતી નથી.

[૫૪] હે ગૌતમ! તમારી બુદ્ધિ સુંદર છે. તમે મારા સંશયને છેદી નાખ્યો છે. હજુ પણ હું બીજો સંશય પ્રકટ કરું છું તેનું સમાધાન કરો.

[૫૫] (કેશી મુનિએ કહ્યું :—) હે ગૌતમ! આ મહા

ભયંકર અને દુષ્ટ (ગાળિકને આગમમાં ગળીયો કે તેવો) ઘોડો ખૂબ દોડી રહ્યો છે. તે ઘોડા પર બેઠેલા તમે સીધે માર્ગે શી રીતે જઈ શકો છો? તેનાથી કેમ ઉન્માર્ગે ચાલ્યા જતા નથી?

નોંધ:—દુષ્ટ સ્વભાવનો ઘોડો ગાળિયો હોઈ તે સવારને ઠેકાણે ન લઈ જાય, પરંતુ તમે તે તેના પર બેસવા છતાં સીધા માર્ગે જ ચાલતા જાઓ છો તેનું કારણ શું?

[૫૬] (કેશી મહારાજને ગૌતમે કહ્યું:—) તે બેફામ દોડતા ઘોડાને શાસ્ત્રરૂપ લગામથી બાંધી રાખ્યું છું. જ્ઞાનલગામથી વશ થઈ તે ઉન્માર્ગે ન જતાં સન્માર્ગે જ સીધો દોડ્યો જાય છે.

[૫૭] કેશી મુનિએ ગૌતમને કહ્યું:—તે ઘોડો કયો? તે તમે જણાવો. આ પ્રમાણે બોલતા કેશી મુનિને ગૌતમે આ પ્રમાણે કહ્યું:—

[૫૮] મન એ જ સાહસિક, ભયંકર અને દુષ્ટ ઘોડો છે. તે સંસારના વિવિધ વિષયો તરફ આમતેમ દોડી રહ્યો છે. ધર્મશિક્ષારૂપી લગામ વડે જાતિમાન ઘોડાની માફક તેનો બરાબર નિગ્રહ કરું છું.

[૫૯] હે ગૌતમ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. તમે મારો આ સંશય દૂર કર્યો. હવે બીજા સંશયને પણ રજૂ કરું છું. તેનો ઉત્તર મને કહો.

[૬૦] આ સંસારમાં ખોટા રસ્તાઓ ઘણા છે કે જે રસ્તાઓમાં જઈ દૃષ્ટિવિપર્યાસને કારણે જીવો સાચા માર્ગને ઓળખી શકતા નથી અને તેથી ઉન્માર્ગે જઈ દુઃખી થાય છે. તો હે ગૌતમ! આપ એ ઉન્માર્ગે ન દોરવાઈ જતાં સન્માર્ગમાં શી રીતે રહી શકો છો?

કોઈ સન્માર્ગે ચાલ્યા જાય છે તે અને કુમાર્ગે જાય છે

તે સૌને મેં બરાબર જાણ્યા છે. અને (સન્માર્ગ કુમાર્ગનું મને બરાબર ભાન છે) તેથી હું મારા માર્ગમાં બરાબર ચાલી શકું છું. નષ્ટ-ભ્રષ્ટ થતો નથી.

[૬૨] કેશી મુનિએ ગૌતમને કહ્યું:—તે માર્ગ કયો ? એ પ્રમાણે બોલતાં કેશી મુનિને ગૌતમે આ પ્રમાણે કહ્યું :—

[૬૩] સ્વકલ્પિત મતોમાં જે સ્વચ્છંદથી વર્તે છે તે પાખંડીઓ બધા ખોટા માર્ગમાં ભ્રમણ કરી ગોથાં ખાય છે. સંસારના બંધનથી સર્વથા મુક્ત થયેલા જિનશ્વરોએ સત્યનો જે માર્ગ બતાવ્યો તે ઉત્તમ છે.

[૬૪] હે ગૌતમ ! તમારી બુદ્ધિ બહુ ઉત્તમ છે. મારો સંશય ત છેદી નાખ્યો. હવે એક બીજો પણ સંશય છે. તે: સમાધાન કરો.

[૬૫] જળના મોટા પ્રવાહમાં તણાતાં પ્રાણીઓને તે દુઃખમાંથ બચાવનાર કયું શરણ, કયું સ્થાન, કયી ગતિ અને કયે આધારરૂપ દ્વીપ તમે માનો છો ?

[૬૬] તે જળના વેગમાં પણ એક વિસ્તીર્ણ મોટો દ્વીપ છે જ્યાં એ પાણીના મહાનવેગનું આવવું જવું થતું નથી.

[૬૭] કેશી મુનિએ ગૌતમને કહ્યું :—તે દ્વીપ કયો ? આ પ્રમા બોલતા કેશી મુનિને ગૌતમે કહ્યું :—

[૬૮] જરા અને મરણરૂપી વેગથી આ સંસારનાં પ્રાણીઓ તણાઇ રહ્યાં છે. તેનું શરણ, તેનું સ્થાન, તેની ગતિ અને તેને આધારરૂપ દ્વીપ જો કહો તે એક જ ધર્મ છે.

[૬૯] હે ગૌતમ ! તમારી બુદ્ધિ સુંદર છે. મારો તે સંશય તમે છેદી નાખ્યો. હવે બીજો સંશય પણ રજૂ કરું છું. તેનો પ્ર મને કહો.

[૭૦] એક મહા પ્રવાહવાળા સમુદ્રમાં એક નાવ ચારેતરફ઼ ઘૂમી રહી છે. હે ગૌતમ! અને આપ તે ઉપર ચઢેલા છો, તો તમે પાર શી રીતે પામશો?

[૭૧] જે છિદ્રવાળી નાવ છે તે પાર ન પહોંચાડતાં વચમાં ડૂબી જાય છે અને ડૂબાડે છે. છિદ્ર વિનાની હોય છે તે જ પાર ઉતારે છે.

[૭૨] હે ગૌતમ! તે નાવ આપ કોને કહો છો? એ પ્રમાણે પૂછતા કેશી મુનિને ગૌતમે જવાબ આપ્યો :—

[૭૩] શરીર એ જ નાવ છે. આ સંસાર પોતે જ સમુદ્ર છે. અને જીવ એ જ નાવિક છે. તે સંસાર સમુદ્રને શરીરદ્વારા મહર્ષિ પુરુષો જ તરી જાય છે.

નોંધ:—શરીર એ નાવ છે. તે કોઈ બાજુથી ભેદાય નહિ, તેની કાળજી રાખવી અને સંયમપૂર્વક નાવિકને પાર ઉતારવો—એ મહર્ષિ પુરુષોનું કર્તવ્ય છે.

[૭૪] હે ગૌતમ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. આ મારો સંશય છેદાઈ ગયો. હવે મને બીજો સંશય થયો છે તેનો મને ઉત્તર આપો.

[૭૫] આ સમગ્ર લોકમાં પ્રવર્તતા ઘોર અંધકારમાં બહુ પ્રાણીઓ રુંધાઈ રહ્યાં છે. તે બધાં પ્રાણીઓને પ્રકાશ કોણ આપશે?

[૭૬] આ લોકમાં પ્રકાશ કરનાર જે ભાનુ ઊગેલો છે તે સકળ લોકમાં સકળ જીવોને પ્રકાશ આપશે.

[૭૭] વળી હે ગૌતમ! તે સૂર્ય આપ કોને કહો છો? આ પ્રમાણે બોલતા કેશી મુનિને ગૌતમે કહ્યું :—

[૭૮] સંસારના સમગ્ર અંધકારને વિખેરી પોતાની અનંત જ્યોતિથી પ્રકાશેલો સર્વજ્ઞરૂપી તે સૂર્ય જ આ આખા લોકના પ્રાણીઓને પ્રકાશ આપશે.

નોંધ:—જે પ્રબળ આત્માનો સર્વ અંધકાર દૂર થયો હોય, જે સંસારના બંધનથી સર્વથા મુક્ત થયા હોય; તે જ પોતાના અનુભવનો માર્ગ જગતને બતાવી સર્વ દુઃખથી મુકાવી શકે.

સમયધર્મની હાકલ સૌકોઈને માટે છે. સમાજ સમયધર્મથી સંકળાએલો છે. શ્રમણવર્ગ અને શ્રાવકસમૂહ એ બધાં સમાજનાં અંગો છે, કોઈ પણ અંગ, તે તરફ ઉપેક્ષા ન રાખતાં, શાસ્ત્રમાં કહેલા અબાધિત સત્યને ઓળખી સંગીન પુરુષાર્થ કરે અને સુવ્યવસ્થિત રહી જૈનશાસનની ઉન્નતિ કરે તે જ અભીષ્ટ છે.

એમ કહું છું:

એ પ્રમાણે કેશિગૌતમીય નામનું ત્રેવીસમું અધ્યયન સમાપ્ત થયું.

તે સૌને મેં બરાબર જાણ્યા છે. અને (સન્માર્ગ કુમાર્ગનું મને બરાબર ધ્યાન છે) તેથી હું મારા માર્ગમાં બરાબર ચાલી શકું છું. નષ્ટ-ભ્રષ્ટ થતો નથી.

[૬૨] કેશી મુનિએ ગૌતમને કહ્યું:—તે માર્ગ કયો? એ પ્રમાણે બોલતા કેશી મુનિને ગૌતમે આ પ્રમાણે કહ્યું :—

[૬૩] સ્વકલ્પિત મતોમાં જે સ્વચ્છંદથી વર્તે છે તે પાખંડીએ બધા ખોટા માર્ગમાં ભ્રમણ કરી ગોથાં ખાય છે. સંસારના બંધનથી સર્વથા મુક્ત થયેલા જિનશ્વરોએ સત્યનો જે માર્ગ બતાવ્યો તે ઉત્તમ છે.

[૬૪] હે ગૌતમ! તમારી બુદ્ધિ બહુ ઉત્તમ છે. મારો સંશય તમે છેદી નાખ્યો. હવે એક બીજો પણ સંશય છે. તેનું સમાધાન કરો.

[૬૫] જળના મોટા પ્રવાહમાં તણાતાં પ્રાણીઓને તે દુઃખમાંથી બચાવનાર કયું શરણ, કયું સ્થાન, કયી ગતિ અને કયો આધારરૂપ દ્વીપ તમે માનો છો?

[૬૬] તે જળના વેગમાં પણ એક વિસ્તીર્ણ મોટો દ્વીપ છે કે જ્યાં એ પાણીના મહાનવેગનું આવવું જવું થતું નથી.

[૬૭] કેશી મુનિએ ગૌતમને કહ્યું :—તે દ્વીપ કયો? આ પ્રમાણે બોલતા કેશી મુનિને ગૌતમે કહ્યું :—

[૬૮] જરા અને મરણરૂપી વેગથી આ સંસારનાં પ્રાણીઓ તણાઈ રહ્યાં છે. તેનું શરણ, તેનું સ્થાન, તેની ગતિ અને તેનો આધારરૂપ દ્વીપ જે કહો તે એક જ ધર્મ છે.

[૬૯] હે ગૌતમ! તમારી બુદ્ધિ સુંદર છે. મારો તે સંશય તમે છેદી નાખ્યો. હવે બીજો સંશય પણ રજૂ કરું છું. તે મને કહો.

૭૦] એક મહા પ્રવાહવાળા સમુદ્રમાં એક નાવ ચારેતરફ ઘૂમી રહી છે. હે ગૌતમ! અને આપ તે ઉપર ચડેલા છો, તો તમે પાર શી રીતે પામશો?

૭૧] જે છિદ્રવાળી નાવ છે તે પાર ન પહોંચાડતાં વચમાં ડૂબી જાય છે અને ડુબાડે છે. છિદ્ર વિનાની હોય છે તે જ પાર ઉતારે છે.

૭૨] હે ગૌતમ! તે નાવ આપ કોને કહો છો? એ પ્રમાણે બોલતા કેશી મુનિને ગૌતમે જવાબ આપ્યો:—

૭૩] શરીર એ જ નાવ છે. આ સંસાર પોતે જ સમુદ્ર છે. અને જીવ એ જ નાવિક છે. તે સંસાર સમુદ્રને શરીરદ્વારા મહર્ષિ પુરુષો જ તરી જાય છે.

નોંધ:—શરીર એ નાવ છે. તે કોઈ બાજુથી ભેદાય નહિ, તેવી કાળજી રાખી અને સંયમપૂર્વક નાવિકને પાર ઉતારવો—એ મહર્ષિ પુરુષોનું કર્તવ્ય છે.

[૭૪] હે ગૌતમ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. આ મારો સંશય છેદાઈ ગયો. હવે મને બીજો સંશય થયો છે તેનો મને ઉત્તર આપો.

[૭૫] આ સમગ્ર લોકમાં પ્રવર્તતા ઘોર અંધકારમાં બહુ પ્રાણીઓ રૂંધાઈ રહ્યાં છે. તે બધાં પ્રાણીઓને પ્રકાશ કોણ આપશે?

[૭૬] આ લોકમાં પ્રકાશ કરનાર જે ભાનુ ઊગેલો છે તે સકળ લોકમાં સકળ જીવોને પ્રકાશ આપશે.

[૭૭] વળી હે ગૌતમ! તે સૂર્ય આપ કોને કહો છો? આ પ્રમાણે બોલતા કેશી મુનિને ગૌતમે કહ્યું:—

[૭૮] સંસારના સમગ્ર અંધકારને વિખેરી પોતાની અનંત જ્યોતિથી પ્રકાશેલા સર્વજ્ઞરૂપી તે સૂર્ય જ આ આખા લોકના પ્રાણીઓને પ્રકાશ આપશે.

નોંધ:—જે પ્રબળ આત્માનો સર્વ અંધકાર દૂર ગયો હોય, જે સંસારથી સર્વથા મુક્ત થયા હોય તે જ પોતાના અનુગતનો માર્ગ જગાડી સર્વ દુઃખથી મુક્ત થઈ શકે.

[૭૯] હે ગૌતમ! તમારી બુદ્ધિ ઉત્તમ છે. મારો સંશય નષ્ટ થયો. મને એક બીજો પણ સંશય થયો છે તેનો ઉત્તર મને કહો.

[૮૦] હે મુને! સંસારના જીવો શારીરિક અને માનસિક દુઃખથી પીડાઈ રહ્યા છે. તેને માટે કલ્યાણકારી, નિર્ભય, ઉપદ્રવ અને પીડા રહિત કયું સ્થાન? તે આપના જાણવામાં છે?

[૮૧] હું તો માનું છું કે જ્યાં જવું બહુ દુર્લભ છે એવું લોકના અગ્રભાગ પર એક એવું સુંદર અને નિશ્ચલ સ્થાન છે કે જ્યાં આગળ જરા, મૃત્યુ, વ્યાધિ કે વેદના, તેમાંનું કશું જ નથી.

[૮૨] પણ તે સ્થાન કયું છે તે તમે જાણો છો? એ પ્રમાણે બોલતાં કેશી મુનિને ગૌતમે કહ્યું :—

[૮૩] જરા-મરણની પીડાથી રહિત અને પરમ કલ્યાણકારી લોકના અગ્રભાગ પર આવેલું તે સ્થાન સિદ્ધિસ્થાન કે નિર્વાણસ્થાન કહેવાય છે. અને ત્યાં મહર્ષિઓ જ જઈ શકે છે.

[૮૪] હે મુને! તે સ્થાન લોકના અગ્રભાગમાં દુઃખથી પહોંચી શકાય તેવું, નિશ્ચલ અને પરમસુખદ સ્થાન છે. સંસારરૂપી સમુદ્રનો અંત કરનાર શક્તિશાળી પુરુષો ત્યાં પહોંચી શકે છે. ત્યાં પહોંચ્યા પછી કલેશ, શોક કે દુઃખ એવું કશું હોતું નથી. અને ત્યાં ગયા પછી પુનરાગતિ થતી નથી.

[૮૫] હે ગૌતમ! તમારી બુદ્ધિ સુંદર છે. તમે મારા બધાય સંશયોનું બહુ સુંદર સમાધાન કર્યું. હે સંશયાતીત! હે સર્વ સિદ્ધાંતના પારગામી ગૌતમ! તમને નમસ્કાર હો!

[૮૬] પ્રબળ પુરુષાર્થી કેશી મુનીશ્વર આ પ્રમાણે (શિષ્યોના)

સમગ્રધર્મની હાકલ સૌકોઈને માટે છે. સમાજ સમગ્રધર્મથી સંકળાએલો છે. શ્રમણવર્ગ અને શ્રાવકસમૂહ એ બધાં સમાજનાં અંગો છે, કોઈ પણ અંગ, તે તરફ ઉપેક્ષા ન રાખતાં, શાસ્ત્રમાં કહેલા અબાધિત સત્યને ઓળખી સંગીન પુરુષાર્થ કરે અને સુવ્યવસ્થિત રહી જૈનશાસનની ઉન્નતિ કરે તે જ અભીષ્ટ છે.

એમ કહું છું :

એ પ્રમાણે કેશિગૌતમીય નામનું ત્રેવીસમું અધ્યયન સમાપ્ત થયું.